
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૧૧ : અંક ૫ ] અમદાવાદ : ૧૫–૨–૪૬ [ ક્રમાંક ૧૨૫

## વિ ષ ય – દ ર્શ ન


૧ 'જ્ઞાનસાર'ના 'સવ નયાશ્રયાષ્ટક'નું વિવેચન : પોપટલાલ મો. મહેતા : ટાઇટલ પાનું ૨–૩
૨ શ્રી પ્રીતિવિમલવિરચિત શ્રી ગોડી પાર્શ્વનાથ
ઉત્પત્તિસ્તવન : પૂ. મુ. મ. શ્રી. પ્રેમવિજયજી : ૧૨૯
૩ જૈનધર્મમાં તપવિધાન : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી : ૧૩૩
૪ ज्योतिष्करंडकमें संदेहस्थान और उसकी संदेहनिवृत्तिः श्री भा. रं. कुलकर्णी : १३५
૫ શ્રી શ્રીસારવાચકવિરચિત શ્રી ફલવર્ધિ પાર્શ્વનાથ સ્તુતિ : શ્રો. શાલોટે ક્રાઉઝે : ૧૩૮
૬ નડિયાદનાં એક જિનમંદિરની પ્રતિમાઓના લેખ : શ્રી ચીમનલાલ લ. ઝવેરી : ૧૪૩
૭ નૈતિક સત્યપ્રકાશ : શ્રી પૂ. ઉ. મ. શ્રી સિદ્ધિમુનિજી : ૧૪૭
૮ રાત્રિભોજનનો નિષેધ : પૂ. મુ. મ. શ્રી. સુશિલવિજયજી : ૧૫૩



### જોઈએ છે–

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના સંપાદનનું અને કાર્યાલયના સંચાલનનું કામ સંભાળી શકે તેવા જૈન શ્વે. મૂ. વ્યવસ્થાપકની જરૂર છે. કામ કરવાની ઇચ્છાવાળાએ નીચેના ઠેકાણે વિગતવાર અરજી કરવી.

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


લવાજમ–વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક–ત્રણ આના

ACHARYA SH... ASSAGARSURI GYANMANDIR
SHREE MAH... IN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મહોપાધ્યાય શ્રીયશોવિજયજીકૃત

# "જ્ઞાનસાર"ના "સર્વનયાશ્રયાષ્ટક" નું વિવેચન

વિવેચક—શ્રી. પોપટલાલ મોનજીભાઈ મહેતા, જૂનાગઢ.

તાર્કિકશિરોમણિ, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી વાચકપુંગવકૃત 'જ્ઞાનસાર' અંતર્ગત 'સર્વનયાશ્રયાષ્ટક' નામક નાની છતાં અર્થગંભીર કૃતિનો ભાવાર્થ અહીં નીચે આપવામાં આવે છે.

તત્ત્વ શું છે તે મેળવવાના શુદ્ધ માર્ગને ન્યાય કહે છે, અને આવા ન્યાય તોળવાના કામમાં જુદી જુદી અપેક્ષાઓએ વસ્તુ કે તેના અંશ એવા ગુણધર્મ પર વિચાર કરી, તે (વિચાર) રજૂ કરવામાં આવે છે ત્યારે સમગ્ર બાજુથી તપાસી દરેક વિચારની શુદ્ધિ પ્રમાણે અને મુખ્ય મુદ્દાને સ્પર્શે તે રીતે તે વિચાર મુજબ નિર્ણય કરવામાં આવે છે, જે ન્યાયબુદ્ધિ છે.

જે પ્રમાણે તત્ત્વપ્રાપ્તિ—જ્ઞાન—માટે નિર્મળ અંતઃકરણ આવશ્યક છે તેવી જ રીતે વિધવિધ દૃષ્ટિબિંદુ દ્વારા વસ્તુના જ્ઞાનને સમજવામાં નિર્મળ અંતઃકરણના કારણભૂત અપેક્ષાવાદ કે નય વિષયનું જ્ઞાન જરૂરી છે. વસ્તુ સંબંધી સેંકડો ગમોથી થતા વિચારોમાં તેની મુખ્ય મુખ્ય અપેક્ષાઓ ધ્યાનમાં રાખવી જોઈએ; નહિતર તે વિષય સંબંધી કરવામાં આવેલ વિચાર શુદ્ધ છે કે નહિ તે નક્કી કરવાનું અશક્ય જ બને. પ્રત્યેક વિચાર કે અભિપ્રાય સમજવામાં તેની અપેક્ષા—આશય સમજવાં જોઈએ. તેમ ન થાય તો વિચાર કે જ્ઞાન—તત્ત્વ અસ્પષ્ટ રહે છે; અર્થાત્ આપણે તત્ત્વને મેળવી શકતા નથી. આ અપેક્ષાવાદ કે અપેક્ષાત્મક દૃષ્ટિને નયવાદ કહે છે.

એક ને એક વસ્તુનું વિવેચન જુદા જુદા માણસો પોતાની સમજ અને અનુભવ મુજબ જુદી જુદી રીતે કરે છે. અર્થશાસ્ત્રી વસ્તુને ઉત્પાદન, વહેંચણી અને વપરાશ તેમજ મૂલ્ય અને તેનું અંકન એમ ભિન્ન ભિન્ન દૃષ્ટિએ નિહાળે છે. એ જ વસ્તુને ધારાશાસ્ત્રી, સમાજશાસ્ત્રી અને મુત્સદ્દી પોતપોતાની દૃષ્ટિએ નિહાળે છે. નીતિશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રમાં તે વસ્તુનું સ્થાન જુદું હોય છે. અર્થાત્ વિધવિધ રીતે વસ્તુનું અવલોકન કરાય છે. આ બધી દૃષ્ટિઓ દ્વારા વસ્તુનું યથાર્થ નિરૂપણ થાય છે. દરેક દૃષ્ટિ પોતાના વિષય મુજબ તે બાબતનું સત્ય નિરૂપણ કરે છે, પણ એટલું જ માત્ર નિરૂપણ સત્ય એમ આગ્રહ રાખવો મિથ્યા છે. કારણ કે જે સત્ય પોતે બતાવે છે તે અનંતનો માત્ર એક અંશ જ છે. એક ને એક બાબત સંબંધે અનંત દૃષ્ટિઓ હોવાથી અને દરેક દૃષ્ટિ સત્યનું નિરૂપણ કરતી હોવાથી એમ સિદ્ધ થાય છે કે એક જ વસ્તુમાં અનંત ધર્મ (Theory of relativity) રહેલાં છે. કેટલાક વિરોધી સ્વભાવના ધર્મો એક ને એક વસ્તુમાં જણાય છે, છતાં તે બધા ધર્મો તે વસ્તુમાં સત્ય છે અને વસ્તુની અંદર સમાઈ જાય છે. જેને તત્ત્વ મેળવવું છે, અખંડ સત્ય પ્રાપ્ત કરવું છે, પોતાનું ચારિત્ર શુદ્ધ રાખવું છે તેણે આ વિશ્વદૃષ્ટિ પ્રાપ્ત કરવી જોઈએ. આવી દરેક દૃષ્ટિને નય કહે છે.

દરેક વિચારથી વસ્તુને નિહાળો તેમાં સામસામી વિરોધી વિચારોને પણ સ્થાન છે. વસ્તુના સંબંધમાં જે અપેક્ષાએ સત્ય ઉચ્ચારાય છે તે અપેક્ષાએ જ તે વસ્તુનું નિરૂપણ સત્ય સમજવું જોઈએ. તે જ વસ્તુનું જે બીજી બાજુનું અર્થાત્ વિરુદ્ધ ધર્મનું સત્ય પણ

[ અનુસંધાન—ટાઈટલના ત્રીજા પાને ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशींगभाईकी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

| वर्ष ११ | विक्रम सं. २००२ : वीरनि. सं. २४७२ : ई. स. १९४६ | क्रमांक |
|---|---|---|
| अंक ५ | माह शुदि १४ : शुक्रवार : १५ मी फेब्रुआरी | १२५ |

## મુનિ શ્રી પ્રીતિવિમલવિરચિત

# શ્રી ગોડીપાર્શ્વનાથ–ઉત્પત્તિ–સ્તવન

### સંગ્રાહક–પૂજ્ય મુનિમહારાજ શ્રી પ્રેમવિજયજી

**દુહા**

વાણી બ્રહ્માવાદિની, જાગ્યો યશ વિખ્યાત;
પાસ તણા ગુણ ગાયવા, મુઝ મતિ આપો માત. ૧
નારિંગો અણહીલપુરે, મહેમદાવાદે પાસ;
ગોડીનો ધણી જાગતો, સહુની પુરે આસ. ૨
શુભ વેલા દિન શુભ ઘડી, મુહૂર્ત એક મંડાણ;
પ્રતિમા ત્રણે પાસની, હૂઈ પ્રતિષ્ઠા જાણ. ૩

(ઢાલ ૧ લી : પંચમી તપ તુમે કરો રે પ્રાણી–એ રાગ)

ગુણહ વિશાલા મંગલીક માલા, વામાનો સુત સાચો રે;
ધન કંચન મણિ માણિક આપે, ગોડીનો ધણી જાચો રે. ગુણહ. ૧
"અણહીલપુર" પાટણમાંહે પ્રતિમા, તુરક તણે ઘર હુંતી રે;
અશ્વની ભૂમિ અશ્વની પીડા, અશ્વની પાલ વિગુતી રે. ગુણહ. ૨
જાગતો યક્ષ જ જેહનો કહીએ, સુહણો તુરકને આપે રે;
પાસ જીનેસર કેરી પ્રતિમા, સેવક તુઝ સંતાપે રે. ગુણહ. ૩
પ્રહ ઊઠીને પ્રગટ તું કરજે, મેઘા ગોઠીને દીજે રે;
અધિકો મ લીજે ઓછો મ લીજે, ટકા પાંચ સો લીજે રે. ગુણહ. ૪
નહીં આપે તો મારીસ મરડી, મઉલી બંધ બંધાસી રે;
ધન કણ પુત્ર કલત્ર હાથી હય, લખમી ઘણી તુઝ જાસી રે. ગુણહ. ૫
મારગ પહેલો તુજને મીલસે, સારથવાહો ગોઠી રે;
નીલવટ ટીલું ચોખા ચુહડયા, વજ્ર વહે તસ પોઠી રે. ગુણહ. ૬

**દુહા**

મનસું બીહતો તુરકડો, માને વચન પ્રમાણ;
બીબીને સુહણાતણો, સંભલાવે સહી નાંણ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીબી બોલે તુરકને, બડા દેવ હૈ કોઈ;
અબ જનાબ પ્રગટ કરો, નહીંતર મારે સોઈ. ૨
પાછલી રાત પરોઢીએ, પહેલી બક્ષે પાસ;
સુહણા માંહી શેઠને, સંભલાવે જક્ષ ખાસ. ૩

( ઢાલ ૨ જી, રાગ પૂર્વોક્ત )

ઇમ કહી જક્ષ આવ્યો રાતે, સારથવાહને સુહણે રે;
પાસ જીનેસર કેરી પ્રતિમા, લેતો શીર મત ઘહણે રે. ઇમકહી. ૧
પાંચ સો ટકા મૂલ જ તેહનો, અધિકો મ દીજે કેવારે રે;
જતન કરી પહુંચાડે થાનિક, પ્રતિમાગુણ સભારે રે. ઇમકહી. ૨
તુજને હોશ્યે બહુ ફલદાયક, ભાઇ ગોઠી સુણજે રે;
પૂજી પ્રણમી તેહના પાયા, પ્રહ ઊઠી નિત થુણજે રે. ઇમકહી. ૩
સુહણો દેઈને સુર ચાલ્યો, આપણે થાનીક પહુતો રે;
પાટણ માંહી સારથવાહી, તુરકને હીંડે જોતો રે. ઇમકહી. ૪
તુરકે જોતાં ગોઠી દીઠો, ચોખા તીલક નીલાડે રે;
સંકેતે પહુંતો સાચો જાંણી, બોલાવે બહુ લાડે રે. ઇમકહી. ૫
મુજ ઘેર પ્રતિમા તુજને આપું, પાસ જીનેસર કેરી રે;
પાંચ સો ટકા જો મુજને આપે, મૂલ ન માગું ફેરી રે. ઇમકહી. ૬
નાણું દેઇને પ્રતિમા લીધી, થાનિક પહુંતો રંગે રે;
ચંદન કેસર મૃગમદ ઘોલી, વિધિસું પૂજે ચંગે રે. ઇમકહી. ૭
ગાદી રૂડી રૂની કીધી, તેહમાં પ્રતિમાજી રાખે રે;
અનુક્રમે આવ્યા પારકરમાંહી, શ્રીસંઘને સુર સાખે રે. ઇમકહી, ૮
ઓચ્છવ અધિકા દિન દિન થાવે, સત્તર ભેદ સનાતે રે;
ઠામ ઠામના દર્શન કરવા, આવે લોક પ્રભાતે રે. ઇમકહી. ૯

દોહા

એક દિન દેખે અવધિસું, પારકરપુરનો ભંગ;
જતન કરે પ્રતિમાતણો, તીરથ અછે અભંગ. ૧
સુહણો આપે શેઠને, થલ અટવિમેં ઉજાડ;
મહીમા હોસી અતી ઘણી, મુજને તીહાં પહોંચાડ. ૨
કુશળક્ષેમ અછે તીહાં, મુજનેં તુજનેં જાંણ;
સંકા છોડી કામ કર, કરતો મ કરીસ હાંણ. ૩

( ઢાલ ૩ જી, ચોપાઈ )

પાસ મનોરથ પુરાવરે, વાહણ એક વૃષભ જોતરે;
પારકરથી પ્રયાણું કરે, એક થલ ચઢી બીજે ઉતરે. ૧
બારે કોશ આવ્યા જેટલે, પ્રતિમા નવી ચાલે તેટલે;
ગોઠી મન વિમાસણ થઈ, પાસ ભવન મંડાવું સઈ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થલ અટવી કિમ કરૂં પરાણુ, કટકો કોર ન દીસે પહાણુ;
દેવલ પાસ જીનેસર તણો, મંડાવું કિમ ગરથે વિણો. ૩
જળવિણુ શ્રીસંઘ રહેસે કિહાં, શિલાવટ કિમ આવસે ઈહાં;
ચિંતાતુર થઈ નિંદ્રા લહે, જક્ષરાજ આવીને કહે. ૪
શ્રીફળ સજલ તીહાંકણુ જુઓ, અમૃતજળ નીસરસે કુઓ;
ખારા કુઆ તણો સહી નાણુ, ભૂઇ પડયો છે નીલો છાણુ. ૫
ગુંહલી ઉપર નાંણું જીહાં, ગ્રહજે ઘણો છે નાંણો તીહાં;
સ્વસ્તિક સોપારીને ઠાણુ, પહાણુ તણી ઉમટસે ખાણુ. ૬
શિલાવટ "શીરોહી" વસે, કાઢે પ્રાભવિઓ કિસમસે;
તિહાં થકી ઈહાં આંણજે, સત્ય વચન માહરો માંનજે. ૭
ગોઠીનો મન થીર થાપીઓ, શિલાવટને સુહણો દીયો;
રોગને નિંગમુ પૂરૂં આસ, પાસભવન માંડે આવાસ. ૮
સુપન માંહી તે માન્યો વયણુ, હેમ વરણુ તસ દેખે સયણુ;
ગોઠીતણા મનોરથ ફલ્યા, શિલાવટને ગયા તેડવા. ૯
શિલાવટ આવે ઊજમો, જમે ખીર ઘૃત ખાંડ ચૂરમો;
ઘડે ઘાટ કરે કોરણી, લગન ભલા પાયા રોપણી. ૧૦
થંભ થંભ કીધી પુતલી, નાટક કૌતુક કરતી રલી;
રંગમંડપ રલીઆત રચ્યો, જોતાં માનવનો મન ખચ્યો. ૧૧
નીપાયો પુરો પ્રાસાદ, સ્વર્ગ સમોવડ માંડે વાદ;
દિવસ બે ચારે ઇંડો ઘડયો, તતખીણુ દેવલ ઉપર ચઢયો. ૧૨
શુભ લગન શુભ વેલા વાસ, પબ્બાસણુ બેઠા શ્રીપાસ;
મહીમા મોટો મેરૂ સમાન, એકલમીલ રહે વગડે રાન. ૧૩
બાત પુરાણી મેં સાંભલી, તવન માંહી સુધી સાંકલી;
ગોઠી તણા જે અછે, જાત્રા કરીને પરણે પછે. ૧૪

દુહા

વિઘનવિદારન સુખકરન, જેહનો અકલ સરૂપ;
"પ્રીતિ" કહે શ્રીસંઘને, દેખાડે નીજ રૂપ. ૧
ગિરૂઓ ગોડી પાસજિન, આપે અરથ ભંડાર;
"પ્રીતિ" વદે શ્રીસંઘને, આસા પૂરનહાર. ૨
નિલ પલાણે નીલડે, નીલે થઈ અસવાર;
મારગ ચૂકા માનવી, વાટ દીખાવણુ હાર. ૩

(ઢાલ ચોથી, ચોપાઈ)

વરણા અઢાર તણા લે ભોગ, વિઘન નિવારે ટાલે રોગ;
પવિત્ર થઈને સમરે જેહ, ટાલે પાપ તાપ સંદેહ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરધનને ઘર ધનનો સૂત, અપુત્રીયા પામે બહુ પુત્ર;
કાયરને શૂરાતન કરે, પાર ઉતારે લચ્છી વરે. ૨

દોભાગીને દીયે સોભાગ, પગ નહીં તેહને આપે પાગ;
ઠામ ન તેહને આપે ઠામ, મનવંછીત પૂરે અભિરામ. ૩

નિરાધારને દીયે આધાર, ભવસાગર ઉતારે પાર;
આરાતયાને આરતભંગ, ધરે ધ્યાન લહે સુરંગ. ૪

સમર્થા સહાય કરે જક્ષરાજ, તેહનો મોટો અધિક દીવાજ;
બુદ્ધિહીણાને બુદ્ધિ પ્રકાશ, ગુંગાને દીયે વચન વિલાસ. ૫

દુઃખીયાને સુખનો દાતાર, ભયભંજન રંજન અવતાર;
બંધન તોડે બેડી તણા, પાર્શ્વનામ અક્ષર સમરણા. ૬

દુહા

પાર્શ્વનામ અક્ષર જપે, વિશ્વાનર વિસરાલ;
હસ્તીમદ દૂરે ટલે, દુદ્ધર સિંહ શૃગાલ. ૧

ચોર તણા ભય ચૂકવે, વિષ અમૃત આકાર;
વિષધરનો વિષ ઉતરે, રણમાં જયજયકાર. ૨

રોગ સોગ દારિદ્ર દુઃખ, દોહક દૂર પલાય;
પરમેશ્વર શ્રીપાર્શ્વનો, મંહીમાં મંત્ર જપાય. ૩

( ઢાલ ૫ મી, રાગ ધનાશ્રી )

( આ ઢાલને શ્રી વિષહર પાર્શ્વનાથનો મહામંત્ર કહેવાય છે )

ૐ જિતું ૐ જિતું ૐ જિ ઉપશમધરી, ૐ હ્રૂીં પાર્શ્વ અક્ષર જપંતે
ભૂત ને પ્રેત જોટીંગ વ્યંતર સૂરા, ઉપશમે વાર એકવીસ ગુણંતે.
ૐ જિતું ૐ જિતું. ૧

દુષ્ટ ગ્રહ રોગ શોક જરા જંતુ ને, તાવ એકાંતરો દીન તપંતે;
ગર્ભબંધન હરે વીચ્છુ અહિ વિષ દલે, બાલકા બાલની વ્યાધિ હંતે. ૐ જિતું. ૨

શાયણી ડાયણી રોહીણી રીંગણી, ફોટીકા મીટીકા દુષ્ટ હંતિ;
દાઢ ઉંદરતણી કલિ નોલાતણી, સ્વાન શીયાલ વીકરાલ દંતી. ૐ જિતું. ૩

ધરણેન્દ્ર પદ્માવતી સમરી શોભાવતિ, વાટ ને ઘાટ અટવી અટંતે;
લક્ષ્મી લુંદો મલે સુજસ વેલા વલે, સયલ આશા ફલે મન હસંતે. ૐ જિતું. ૪

અષ્ટ મહાભય હરે કાન પીડા ટલે, ઉતરે શુલ શીશક ભણંતે;
વદતી વર પ્રીતીશું પ્રીતીવિમલ પ્રભો, પાર્શ્વ નામે સદાક્ષર જપંતે
પાર્શ્વજિન નામ અભિરામ મંતે. ૐ જિતું. ૫

કળશ

તપગચ્છનાયક સિદ્ધિદાયક, હીરવિજય સૂરીસરો,
તસ પાટ ઉદયાચલે ઉદયો, વિજયસેનસૂરીવરો,
ઇમ સ્તવ્યો ગોડી પાર્શ્વ જીનવર, પ્રીતીવિમલ પ્રીતે કહે,
જે ભણે ભાવે લહે સંપત, શાશ્વતા તે સુખ લહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મમાં તપવિધાન

લેખકઃ–શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.

'પ્રાચીન જૈનધર્મ' ના લેખમાં બૌદ્ધગ્રંથના આધારે જે છ પંથો પ્રચલિત જણાવ્યા હતા એમાંના જૈનધર્મ યાને નિર્ગ્રંથમાર્ગ સિવાયના પાંચનું ટૂંક સ્વરૂપ આ પ્રમાણે છે–

(૧) અક્રિયાવાદી પંથના આદ્યાચાર્ય પૂરણકાશ્યપ છે. તમામ દુઃખનું મૂળ, પાપ-પુણ્ય સંબંધેની ભાવનામાં હોવાથી તે ભાવનાને જ નષ્ટ કરી નાખીએ કે થયું, એવો તેમનો ઉપદેશ હતો. પાપ–પુણ્યનો વિચાર એ કેવળ ભ્રમ છે, એમ તેઓ માનતા, અર્થાત્ આ પંથ તે એક પ્રકારનો નાસ્તિકવાદ જ છે, એમ કહીએ તોપણ ચાલે.

(૨) સંસારશુદ્ધિવાદી પંથનો પ્રસ્થાપક મકૂખલી ગોસાલ છે. આ વાદનું જ નિયતિવાદ એવું બીજું પણ નામ છે. સૃષ્ટિમાંની અખિલ ચરાચર વસ્તુ, પ્રાણી અને જીવ દુર્બળ ને અસ્વતંત્ર હોઈને બધા દૈવના તંત્રથી ચાલે છે. પોતપોતાના કર્મનો ઉપભોગ લેતાં રહેવું એ જ તેમનો વ્યવસાય અને એ વ્યવસાયમાંથી તેમનો કદી પણ છુટકારો થતો નથી, એ આ પંથનું આદ્યતત્ત્વ છે.

(૩) ઉચ્છેદવાદી પંથ અજિતકેસકંબલીએ સ્થાપ્યો. આ નિર્ભેળ નાસ્તિકવાદી હતો. મનુષ્ય એટલે પૃથ્વી, અપ, તેજ ને વાયુ–આ ચતુસ્તત્ત્વોની બનાવેલી પૂતળી. મૃત્યુ પછી તેના દેહનું આ ચાર મહાભૂતમાં ફરીથી રૂપાંતર થઈ જાય છે, ને ઈંદ્રિયો આકાશમાં લીન થઈ જાય છે. પાપ–પુણ્ય વગેરે જૂઠું છે. ઐહિક સૌખ્ય એ એક જ ખરું તત્ત્વ છે. આ એ પંથનો મુખ્ય સિદ્ધાંત છે.

(૪) અન્યોન્યવાદી પંથના મત પ્રમાણે સૃષ્ટિમાં પૃથ્વી, અપ, તેજ, વાયુ, સુખ, દુઃખ ને જીવ, આ સાત નિત્ય તત્ત્વ છે, એનો નાશ કરે એવી કોઈ પણ વ્યક્તિ નથી. મનુષ્યના મરણ પછી પણ આ તત્ત્વો અબાધિત રીતે અસ્તિત્વમાં હોય છે–વગેરે સિદ્ધાંતો પર આ પંથની રચના થયેલી હતી.

(૫) હવે બાકી રહ્યો વિક્ષેપવાદી પંથ–એનું જૈનોના સ્યાદ્વાદની સાથે પુષ્કળ સામ્ય છે. એને નિત્યસંશયી નામ શોભવા જેવું છે. આ મત પ્રમાણે પ્રત્યેક પ્રશ્નને માટે ઠરાવેલ સાત ઉત્તરો છેઃ દેવ છે કિંવા નહિ? આ પ્રશ્નને દેવ છે, દેવ નથી, દેવ છે એમ પણ નહિ, દેવ નથી એવું યે નહિ, આવા નમૂનાના તેમના ઉત્તરો હોય છે.

ઉપરના ઉલ્લેખથી સહજ સમજાય તેવું છે કે એ પાંચ પંથો ઝાઝું આયુષ્ય ન ભોગવી શક્યા અને સ્થાપકોના અવસાન પછી થોડા સમયમાં નામશેષ થઈ ગયા, જ્યારે નિર્ગ્રંથ એવા શ્રમણોનો પંથ અર્થાત્ જૈનધર્મ તો અદ્યપિ પ્રવર્તમાન છે. એમાં મુખ્ય કારણ તો એના સિદ્ધાંતોની શ્રેષ્ઠતા અને યુક્તિયુક્તતા જ છે. જૈનધર્મના પ્રણેતા અર્થાત્ તીર્થંકર પ્રભુઓ પોતાને સંપૂર્ણ જ્ઞાન યાને કેવલ્યદશાની પ્રાપ્તિ વિના કોઈ પણ પ્રકારની પ્રરૂપણા કરતા જ નથી, પ્રથમ સર્વ વસ્તુ જાણે છે, જુવે છે અને પછી જ લોકોપકારને નજરમાં રાખી એ વહેતી મૂકે છે. એટલે જ એમાં શંકાને સ્થાન નથી.

ભગવાન બુદ્ધે સારીપુત્તને ઉપદેશ આપ્યાનું મહાસીહનાદસુત્તમાં જે વર્ણન આપ્યું છે, તેનો સારાંશ આ પ્રમાણે છે—

"હે સારીપુત્ત! મેં ચાર પ્રકારનાં તપો આચર્યાનું મને સ્મરણ છે. હું પ્રથમ તપસ્વી બન્યો, પછી રુક્ષ થયો, કેટલેક દિવસે જુગુપ્સિતતાનો સ્વીકાર કર્યો ને છેવટે પ્રવિવિક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્યો, હું દિગંબર વૃત્તિથી રહેતો હતો, કોઈ પણ જાતનું લૌકિક આચારનું બંધન પાળવાનું મેં છોડી દીધું હતું."

"...શાક, શ્યામાક, નીવાર, શેવાળ, થૂલું, શેકેલું અનાજ, પિણ્યાક, લીલું ઘાસ, ફળ, પાંદડાં, ગોમય, ચમારોએ ફેંકી દીધેલા ચામડાના ટુકડા વગેરે ખાઇને હું જીવન ધારણા કરતો હતો."

"કોઇ કોઈ વાર હું ગોવત્સોનું છાણુ ખાઇને રહેતો. પોતાના મળમૂત્ર ખાઇને પણ મેં કેટલાક દિવસો કાઢ્યા છે. આવું સૂગ ચઢે એવા પ્રકારનું મારું ખાવાનું હતું. ઘોર જંગલમાં મેં નિવાસ કર્યો હતો. ટાઢના દિવસોમાં હું ખુલ્લાં મેદાનમાં સૂતો. કોઈ વાર સ્મશાન ભૂમિમાં જઈ મૃતોનાં હાડકાં ઓશીકે મૂકીને સૂતો હતો. લોકો મારા ઉપર થૂંકતા હતા; તથાપિ મારા મનમાં મેં તેમને માટે જરા જેટલો પણ ખરાબ વિચાર આવવા દીધો નથી."

બુદ્ધ ભગવાને કરેલા તપમાંનો ઉપરનો ઉતારો એટલા સારૂ આપવામાં આવ્યો છે કે જેથી એ તપવિધાન અને જૈનદર્શનમાં દર્શાવેલ તપ–આચરણામાં કેટલો તફાવત છે એનો વાચકને ખ્યાલ આવે. કેટલાક ઉલ્લેખો ઉપરથી જેમ પુરવાર થયું છે કે શાકયમુનિ યાને બુદ્ધ ભગવાને પોતાના પંથની સ્થાપનામાં અર્થાત્ બૌદ્ધધર્મના વ્રત–નિયમો નક્કી કરવામાં જૈન દર્શનના યમ–નિયમોને ધ્યાનમાં રાખ્યા છે, તેમ એ રીતે જુદો પંથ શરૂ કરવામાં તેમને એ જ જૈનદર્શનના તપોપર પ્રથમ સ્નેહ જન્મ્યો હતો. કેટલાક સમય પર્યંત તેમણે એ આચરણમાં પણ મૂકયા હતા, પણ પાછળથી એ કેવળ દેહકષ્ટરૂપ અને હેતુહીન જણાયા હતા.

પ્રથમની વાત ઉભય ધર્મના વ્રત–નિયમો સરખાવતાં સહજ ઊડીને આંખે વળગે છે. એમાં સમાયેલ સત્યની ઝાંખી થવામાં ઝાઝો વિલંબ નથી જ થતો. પણ પાછળની વાત એટલી સહજ રીતે ગળે ઊતરતી નથી. તપ અંગેના એ મંતવ્યને બારીકાઇથી તપાસવાની જરૂર છે. માત્ર દિગંબર વૃત્તિથી રહેવાની વાત બાજુપર મૂકીએ તો સારીપુત્તને ઉદ્દેશી કહેલી તપઆચરણામાં અને પરમાત્મા મહાવીર દેવે કહેલા તપવિધાનમાં આસ્માન જમીન જેટલું અંતર જણાશે, જે સામાન્ય બુદ્ધિમાં પણ ન ઊતરે અને આરોગ્યની નજરે પણ જે વસ્તુઓ હાનિકારક ગણાય. વળી આહારની દૃષ્ટિએ જે વસ્તુ નિંદ્ય લેખાય એને ગ્રહણ કરવી અને એના ઉપર તપ કર્યાની છાપ મારવી એ આજે વર્તી રહેલા ફરાલીયા ઉપવાસ જેવું હાસ્યાસ્પદ છે. આવી ક્રિયા પરથી શાકયમુનિને જલદી વિરાગ આવતો જોઇતો હતો. આ જાતની કારવાઇને તપનું નામ આપી શકાય જ નહી! આવા પ્રકારના આચરણને નિર્ગ્રંથ દર્શનમાં સ્થાન જ નથી; એ ક્રિયાઓને અજ્ઞાનભરી કહેલી છે, એનું બીજું નામ અજ્ઞાનકષ્ટ છે. એ માટેની ફળપ્રાપ્તિનાં ઝાઝાં મૂલ્યાંકન અંકાયાં જ નથી એ વાતની પ્રતીતિ તામલી અને પૂરણ તાપસના દૃષ્ટાંતો પરથી કરાવી શકાય તેમ છે. આ ઉપરથી ભાર મૂકીને કહી શકાય કે શાકય મુનિએ અમલમાં મેલેલો તપ એ શ્રમણપંથનો ન હતો.

શ્રમણો માટે તીર્થંકર પ્રભુએ જે તપવિધાન દર્શાવ્યું છે એ મુખ્ય બે પ્રકારમાં વહેંચાયેલું છે: (૧) બાહ્યતપ, (૨) અભ્યંતરતપ. એ દરેકના છ પ્રકાર છે. પ્રથમમાં અનશનની મુખ્યતા છે. અને પાછળમાં પ્રાયશ્ચિત્ત અગ્રપદે મૂકાયેલ છે. એ બાર પ્રકારના સ્વરૂપમાં ઊંડો ઊતરનાર નિશંકપણે આત્મદર્શનમાં—પૂર્ણજ્ઞાન પ્રાપ્તિમાં—એ કેટલા જરૂરી છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો તાગ કહાડી શકે તેમ છે. વળી એ દરેક કરણી સમજપૂર્વક કરવાની કહેલી છે. એમાં આરોગ્યને અગ્રસ્થાન અપાયેલ છે. આજનું વિજ્ઞાન તેમજ પ્રાચીન-અર્વાચીન આરોગ્યશાસ્ત્રી એમાં સાક્ષી પૂરક છે. કયાં નિર્ગ્રંથમાર્ગનો ઉમદા અને અતિ અગત્ય ભોગવતો તપ અને કયાં શાક્યમુનિએ આચરણમાં મૂકેલ તપ! આચરણમાં મુકાયેલ એ જુગુપ્સિત કરણીને આજના યુગમાં તપ તરીકે ઓળખવામાં પણ શરમ લાગે તેમ છે. તાત્પર્ય એક જ છે અને તે એ જ કે ચાલુ કાળનાં સાધનોનો ઉપયોગ કરી, અભ્યાસ વધારી, વર્તમાન કાળના સાધુવર્ગે શોધખોળમાં લીન બનવાનું છે. માત્ર જૈનોને કિંવા ઉપાશ્રયમાં આવતા મહાનુભાવોને શ્લોકોના અર્થ કિંવા ચરિત્રો સંભળાવી બેસી ન રહેતા જગતના ચોકમાં જે જે જિજ્ઞાસા પ્રગટી છે એનો કયાસ કહાડી પૂરી પાડવા કમર કસવાની છે. વિશ્વ આજે જે વસ્તુ માંગે છે એ પ્રભુશ્રી મહાવીર દેવના સિદ્ધાંતમાં ભરી પડી છે. પણ એ બહાર મૂકવાનાં માર્ગો દેશકાળને અનુરૂપ કરવાના છે. એ પાછળ મંડતાં જ જણાશે કે આપણા ઘરનું કેટલુંયે બીજાના નામે ચઢી જઈ વિશ્વના બજારમાં મૂલ્યવાન તરીકે ખ્યાતિ પામી રહેલ છે.

# ज्योतिष्करंडकमें एक संदेहस्थान और उसकी संदेहनिवृत्ति

लेखकः–श्री भा. रं. कुलकर्णी, बी. ए. (संशोधक, राजवाडे संशोधन मंडळ धुलिया.)

ज्योतिष्करंडक ग्रंथमें पद्योंके क्रमांकोंमें दो स्थानों पर स्पष्टतासे दो त्रुटियां पाई जाती हैं। पद्य नं. ५३ के नंतर पद्य नं ५४ के बदले एकदम नं. ५५ आता है। और पद्य नं. २८८ दो बार आया है। इससे सामान्यतः दो प्रकारके अनुमान हो सकते हैं—

एक तो इस ग्रंथके पद्योंको क्रमांक देनेमें किसी लेखकसे भूल हो गई हो। क्योंकि इन दो भूलोंके होते हुए भी ग्रंथकी पद्यसंख्या वास्तवतः एक ही रहती है। और दूसरा अनुमान यह हो सकता है कि इस ग्रंथका नं. ५४का पद्य लुप्त हो गया और २८८ नं. वाले दो पद्योंमेसे एक प्रक्षिप्त होना चाहिये।

इस छोटेसे लेखमें इन दोनों अनुमानोंका ज्योतिष्करंडक ग्रंथके विषयकी दृष्टिसे परीक्षण कर इनमेंसे कौनसा अनुमान करना स्वीकार्य है यह देखनेका प्रयत्न किया जाता है। नं. २८८ वाले दो पद्योंमेंसे यदि कोई भी एक पद्य प्रक्षिप्त साबित हो सका तो लेखकका हस्तदोषका अनुमान करना व्यर्थ होगा। अतएव इन दो पद्योंका प्रथमतः परीक्षण करना आवश्यक है। वे पद्य ये हैः—

दक्खिणअयणे सूरो पंच विसुवाणि वासुदेवेण ॥
जोएइ उत्तरेण वि आइच्चो आसदेवेण ॥

औरः—

लग्गं च दक्खिणायणविसुवेसु अस्स उत्तरं अयणे ॥
गं साई विसुवेसु पंचसु वि दक्खिणं अयणे ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पहले पद्यमें पंचवर्षात्मक युगके दस विषुवोंमेंसे दक्षिणायनके पांच विषुव याने शरद-संपातोंके समयके सूर्यका नक्षत्र वासु–वायुदेवताका या स्वाति और उत्तरायणके पांच विषुव याने वसंतसंपातके समयका सूर्यका नक्षत्र अश्विदेवका याने आश्विनी होता है ऐसा कहा है।

यह पद्य ग्रन्थके प्रतिपाद्य विषयसे संगती रखता है। पद्य नं. २८४ और २८५में पंचवर्षात्मक युगके दस विषुव कौनसे पर्वमें आते हैं उसका विवरण है। पद्य नं. २८६में इन दस विषुवोंकी तिथियां दी गई हैं। और पद्य नं. २८७में इन विषुवोंके दिनके चंद्रके नक्षत्र बताये गये हैं। अब आया २८८ वा पद्य–इसमें सूर्यके नक्षत्र लिखे हैं, यह प्रतिपाद्य विषयका क्रमप्राप्त विस्तार और तर्कसंगत विवेचन है। विषुव दिनोंके पर्व, तिथि, चंद्रनक्षत्र और सूर्यनक्षत्र कहनेमें एक भी विषय प्रक्षिप्त हो नहीं सकता।

अब रहा दूसरा पद्य। इसमें विषुव दिनोंके लग्न बताये गये हैं। आचार्य मलयगिरि-जीकी टीकाके अनुसार उसका अर्थ युगके पांचों भी दक्षिणायन विषुवोंका लग्न आश्विनी और उत्तरायण विषुवोंका लग्न स्वाती होता है ऐसा है।

संभव है किसी वाचकको यह पद्य प्रक्षिप्त ही नहीं तो एक भूलभरा हुआ प्रतीत होवे, क्योंको इसमें आश्विनी और स्वातीको लग्न कहा है। प्रचलित ज्योतिषकी दृष्टिसे राशियोंको लग्न कहते हैं, न कि नक्षत्रोंको। और पांच वर्षोंके अंदर, छे महिनेके अंतरसे आनेवाले विषुवोंमें पांचों उत्तरायणके विषुवोंका एक ही स्वाती लग्न और वैसे ही दक्षिणायनके विषुवोंका एक ही आश्विनी लग्न होना दिखनेमें असंभव सा माछम होता है। किंतु इस विषयका सूक्ष्म अभ्यास करनेसे यह स्पष्ट होता है की इस पद्यका स्थान और विषय भी बिलकुल यथार्थ और योग्य है। जो कुछ भूल हो गई है वह पद्योंको नंबर देनेमें हुई है, अन्यथा नहीं।

## प्राग्राशि कालीन लग्नप्रणाली

भारतीय ज्योतिषमें, वेद–वेदांगोंमें राशियां नही मिलतीं; सब गणना नक्षत्रोंके सहारे ही की जाती हैं। जैन ज्योतिषमें भी सूर्यप्रज्ञप्ति आदि प्राचीन सूत्रग्रन्थ और ज्योतिषकरंडकमें भी राशियोंका पता नहीं है। इन ग्रंथोंमें प्राग्राशि कालीन ज्योतिषकी अवस्थाका चित्रण है। वेदांग ज्योतिषमें भी राशि नहीं होते हुए भी लग्नका संबंध आया है, और वह नक्षत्रसे संबंध रखता है, जैसा कि ज्योतिष्करंडकमें है। केवल ज्योतिष्करंडकसे ही देखा जाय तो लग्न नाम धारण करनेवाले नक्षत्र और उसी दिनके सूर्यके नक्षत्र भिन्न होते हैं। उपर दिये हुए पद्ययुगलमेंसे पहेले पद्यमें दक्षिणायन विषुवका सूर्यनक्षत्र स्वाती और दूसरे पद्यमें दक्षिणायन विषुवका लग्न आश्विनी दिया है। वैसा ही उत्तरायण विषुव(वसंतसंपात दिन)का सूर्यनक्षत्र आश्विनी और लग्न स्वाती बताया है।

ज्योतिष्करंडकमें जो लग्न दिये हैं वे अपने अपने विषुव दिनोंमें सायंकालमें ही पूर्व

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



क्षितिजपर उदित होते होंगे। यदि ऐसा न होता और सूर्योदयके नक्षत्र और लग्न एक ही होते तो लग्नके स्वतंत्र पद्यकी कोई आवश्यकता न होती।

अब दूसरा प्रश्न यह उपस्थित होता है कि लग्न संज्ञासे विषुव दिनके सायंकालको उदय होनेवाले नक्षत्रको कहना इसको और जगह इसी ग्रंथमें कुछ आधार मिलता है क्या? इसका अस्ति पक्षी उत्तर मिलता है। पद्य नं. २८०में विषुवकाल स्पष्ट किया है।

पन्नरस मुहुत्तदिणो दिवसेण समा यजा हवइ राई॥
सो होइ विसुवकालो दिणराईणं तु संधिम्मि॥

इस पद्यसे और पद्य नं. २९० से भी दिवसरात्रीका संधी यह स्पष्ट होता है।

मंडलमस्सत्थंमि य अचक्खुविसयं गयंमि सूरंमि॥
जो खलु मत्ताकालो सो कालो होइ विसुवस्स॥

काललोकप्रकाशमें (पत्र ३९०) भी इसका अनुवाद 'प्रदोषकाले' ही विषुवकाल होता है ऐसा किया है। पद्य नं. २९०में इसको 'मत्ताकाल' भी कहा हुआ है। मत्ता—मात्रा याने परिमाण (Measure)।

कालगणना करनेमें विभागोंका आरंभ और गिनती करनेके लिये उपयोगी ऐसा यह काल पहले समझा गया है इसका यह प्रमाण है।

जो विषय पद्य नं. २८० और २९०में है उसीको स्पष्ट करनेवाला और उसका उदाहरण देनेवाला पद्य नं. २८८ (दूसरा) है। ऐसी वस्तुस्थिति होनेके कारण यह लग्न विषयक पद्य भी प्रक्षिप्त याने पीछेसे घुसेडा हुआ नहीं दिखाई देता।

ज्योतिष्करंडक ग्रंथका प्रयोजन है सूर्यप्रज्ञप्तिको स्पष्ट करना। मूल सूर्यप्रज्ञप्तिमें भी सायंकालको पूर्व क्षितिज पर उदित होनेवाले नक्षत्रोंका एक काल परिमाण 'नेतृनक्षत्राणि'के नामसे आया है। अतः यह विषय भी ज्योतिष्करंडकमें पीछेसे घुसेडा हुआ नहीं है।

ज्योतिष्करंडक ग्रंथ छपाते समय ऐसी जो विसंगतियां हस्तलिखितोंमें मिली थी उनका परीक्षण और अधिक हस्तलिखित प्रतियोंसे तुलना करके फिर मुद्रण किया होता तो मुद्रित ग्रन्थमेंके अवतरण संशोधनकार्यमें लेनेमें अधिक सुविधा प्रतीत होती।

उपर किये हुए विवेचनसे यह निश्चित पता चलाता है कि पासके दो पद्योंको २८८ क्रमांक देना यह केवल नकल करने वाले असावधान लेखककी क्षति है। पहले एक क्रमांक ५४ लिखना रह गया होगा। फिर क्रमांक २८८ दोवार लिखा गया। क्षति तो अवश्य हुई किन्तु आखरी संपूर्ण ग्रन्थकी पद्यसंख्या न बढी न घटी यह समाधान रहा होगा। इस क्षतिसे क्रमांक २८८ धारण करनेवाले दो पद्योंमेंसे कोई भी एक प्रक्षित होनेकी शंका पाठकोंको होना अनिवार्य है, किंतु सूक्ष्म दृष्टिसे वहां प्रक्षेप नहीं है यह स्पष्टतया सिद्ध होता है। (श्रीऋषभदेवजो केशरीमल श्वेतांबर संस्था रतलामका छपा हुआ ग्रन्थ इस लेखमें अभिप्रेत है)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી શ્રીસારવાચકવિરચિત

# શ્રી ફલવર્દ્ધિ પાર્શ્વનાથ સ્તુતિ

સંપાદિકા : શ્રીમતી શાલોટિ ક્રાઉઝે, ડૉ. ફિલ, ભારતીયસાહિત્યવિશારદા,
ક્યૂરેકટર, સિંદિયા ઓરિએંટલ ઈન્સ્ટિટયૂટ, ઉજ્જૈન.

### (૧) પ્રતો

નીચે પ્રકાશિત, ભક્તિરસભીની શ્રી ફલવર્દ્ધિ પાર્શ્વનાથ સ્તુતિનો ઉલ્લેખ શ્રી. મોહનલાલ દ. દેશાઈકૃત 'જૈન ગુર્જર કવિઓ'માં (ભાગ ૧, પૃ. ૫૩૯, અને ત્રીજો ભાગ, પૃ. ૧૦૩૧), અને તેઓશ્રીએ વિરચિત 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં (પેરા ૮૮૪), તથા શ્રી અગરચંદ તથા ભંવરલાલ નાહટાકૃત 'युगप्रधान जिनचन्द्रसूरि'માં (પૃ. ૨૦૭) આપવામાં આવ્યો છે. ત્યાં ઉલ્લિખિત પ્રતોને છોડીને આ સ્તુતિની બે અધિક પ્રતો ઉજ્જૈનના **શ્રી સિંદિયા ઓરિએન્ટલ** ઇન્સ્ટિટયૂટમાં મલી આવી છે, કે જેઓના આધારપર આ સ્તુતિ નીચે પ્રકાશિત કરવામાં આવે છે. આ બે પ્રતોની વિગત આ છે—

૧. પ્રત 'અ' એટલે નં. ૬૫૭૦ (૧ પત્ર). તેની લહિયાની પ્રશસ્તિ નિમ્નલિખિત છે—

**"इति श्रीफलवर्द्धि पार्श्वजिन छंदबद्ध स्तुति समाप्त ॥ गणि तत्त्वविजय लखितं छथ्योआ मध्ये का. व. ४ दिने ।**

પ્રત લખ્યાનો સંવત આપેલો નથી, પણ ઓછામાં ઓછી ૧૫૦ વરસની હોવી જોઈએ. લખવાની શૈલી 'ગવાલિયોરી' અને ઊર્ધ્વમાત્રાની છે. તેમાં કેટલીક અશુદ્ધિઓ છે અને અગિયારમા પદ્યનો ઉત્તરાર્ધ મલતો નથી.

૨. પ્રત 'બ' એટલે નં. ૬૫૭૮ (૨ પત્ર). આની લહિઆની પ્રશસ્તિ નિમ્નલિખિત છે—

**"इति श्रीफलवृध पार्श्वनाथजीको छंद संपूर्णः लषितं रिष गंगाराम समत १८६७ वर्षे मती वैशाख वदी ४ सौमे प्रतापगढ मध्ये"** ।

આ પ્રત પ્રચલિત શૈલિમાં અને 'ઊર્ધ્વમાત્રા'થી લખાએલ છે. અક્ષર સુંદર છે અને શુદ્ધિ સાધારણતઃ ઠીક છે; માત્ર કોઈ કોઈ સ્થાનમાં લહિયા ઋષિ ગંગારામે, કે જેમના હાથની થોડી ઘણી બીજી પ્રતો પણ સિંદિયા ઓરિએન્ટલ ઇન્સ્ટિટયૂટમાં વિદ્યમાન છે, પોતાની ટેવ મુજબ રાજસ્થાની ભાષાના પ્રત્યયો ઘુસાડી દીધા છે.

પ્રસ્તુત સ્તુતિ 'અ'ના આધાર પર છપાવવામાં આવે છે, 'બ'ના વાસ્તવિક પાઠાંતરો નોટોમાં આપેલ છે.

### (૨) કવિ

આ બંને પ્રતોને અનુસરીને કવિનું નામ અંતિમ છપ્પયમાં 'રત્નહર્ષ–ગુરુ–શિષ્યવર સાર' એમ બતાવવામાં આવે છે, જ્યારે કે પં. સિદ્ધિવિલાસ ગણિ દ્વારા લખેલ પ્રત (જૈ. ગુ. ક. ભાગ ૧) અને 'ના. ભં.'ની પ્રત (જૈ. ગુ. ક. ભાગ ૩) અનુસાર કવિનું નામ **'શ્રીસાર'** છે. કવિના ગુરુનો ઉલ્લેખ માત્ર 'ના. ભં.' ની પ્રતમાં નથી મળતો. બાકી બીજી પ્રતોમાં તે છે. કવિ વાસ્તવમાં **શ્રીરત્નહર્ષ વાચકના** શિષ્ય સુપ્રસિદ્ધ લેખક **શ્રીસાર** છે, આમાં કોઈ શંકા નથી. એમના નામનું રૂપ બન્ને મૂલ પ્રતોમાં **'શ્રીસાર'**ના બદલે **'સાર'** એમ આપેલું છે તેમાં કોઈ વાંધો નથી, કારણ કે આ જ કવિએ રચેલ **'સારબાવની'** માં (જૈ. ગુ. ક. ભાગ ૧ પૃ. ૫૩૮) પણ આ જ રૂપ કેટલીક વાર મળી આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતી જૈન સાહિત્યના વિશેષજ્ઞ શ્રીદેશાઈજીએ આ કવિની કૃતિઓની સૂચી ઉપરોક્ત સ્થાનોમાં આવી છે, અને આ સૂચીને જૈન સાધુપરંપરાના ઇતિહાસવેત્તા શ્રીનાહટાજીએ કેટલાંક અધિક નામોથી વધારી છે. આ બંને વિદ્વાનોને અનુસાર શ્રીસારની નિમ્નલિખિત કૃતિઓ હમણાં જ્ઞાત છે.

(१) गुणस्थानक्रमारोह बालावबोध (सं. १६७८)[1]
(१) जिनराजसूरिरास (सं. १६८१)[2]
(३) सतरहभेदीपूजागर्भित शान्तिस्तवन (सं. १६८२)
(४) पार्श्वनाथ रास (सं. १६८३)
(५) आनंद श्रावक संधि (सं. १६८४)[3]
(६) मोती–कपासीया संबंध संवाद (सं. १६८९)
(७) सार–बावनी (सं. १६८९)
(८) वासुपूज्य स्तवन (सं. १७०२)
(९) जयविनय चौ.
(१०) कृष्ण रुक्मिणी वेलि बालावबोध
(११) लोकनालगर्भित चंद्रप्रभ स्तवन
(१२) उपदेश सत्तरी
(१३) दशश्रावक गीत
(१४) फलवर्द्धि पार्श्वनाथ स्तुति
(१५) गौतमपृच्छा स्तवन
(१६) जिनप्रतिमा स्थापन स्तवन
(१७) आदिनाथ स्तवन

શ્રી નાહટાજીના કથનાનુસાર આ કવિ દ્વારા વિરચિત બીજાં સ્તવનો આદિ પણ છે.

શ્રી દેશાઈજીએ પ્રકાશિત શ્રીસારની કૃતિઓની પ્રશસ્તિઓથી વિદિત થાય છે કે આ કવિની સાધુપરંપરા ખરતરગચ્છની ખેમશાખામાં અંતર્ગત છે, કે જે દાદા શ્રી જિનકુશલસૂરિના પ્ર–પ્રશિષ્ય, આબાલગોપાલમાં પ્રસિદ્ધ ગૌતમરાસના કર્તા શ્રી જિન-

૧ આ સંબંધી શ્રીવેલણકરકૃત '**जिनरत्नकोश**' (પુણા ૧૯૪૪)માં અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (પેરા ૮૯૧)માં પણ ઉલ્લેખો છે.

૨ શ્રી નાહટાજી દ્વારા સંપાદિત **ऐतिहासिक जैन काव्य संग्रह, कलकत्ता** વિ. સં. ૧૯૯૪, પૃ. ૧૫૦–૧૭૧.

૩. આ કૃતિ શ્રી સિંદિયા ઓરિએંટલ ઇન્સ્ટિટ્યૂટની નિમ્નલિખિત પ્રતોમાં પણ છે–નં. ૯૩૫ (૧૩ પત્ર, લખવાનો સમય સં. ૧૭૩૯ પૂર્ણ); નં. ૫૧૬૮ (૭ પત્ર, ખંડિત); નં. ૭૦૮૬ (બીજી કવિતાઓ સાથે, પત્ર ૧૨–૨૫, પૂર્ણ); અને નં. ૭૧૧૬ (બીજી કવિતાઓ સાથે, પત્ર ૨૫૩–૨૭૦, પૂર્ણ, લહિયા–પ્રશસ્તિ નિમ્નલિખિત– "संवत् १७१८ वर्षे सावण वदि ११ दिने : शिनवारे। श्रीकीर्त्तिरतनसूरिसाषायां। श्री पं. श्रीचंद्रकीत्तगणि तत् शिष्य वा. श्री सुमतिरंगगणिनां शिष्य सुखलाभ–जयकुसल–सकलवर्द्धन–समयनंदन पं. अचलवर्द्धन लिखतं। श्रीमज्जेसलमेरनगरे। संघवी उतमचंद पठनार्थं॥ श्रीरस्तु छ।")

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રભસૂરિના** પ્રશિષ્ય અને શ્રી **વિજયતિલકસૂરિના** શિષ્ય શ્રી **ક્ષેત્રકીર્ત્તિ** વાચકથી ચાલી આવી છે. તે જ ખેમશાખામાં શ્રી સહજકીર્ત્તિકૃત 'શત્રુંજયમાહાત્મ્ય રાસ' (જૈ. ગુ. ક. ભાગ ૧, પૃ. ૫૨૫) અનુસાર **શ્રી રત્નસાર** થયા, જેમના શિષ્ય **શ્રી રત્નહર્ષ** વાચક હતા. આ રત્નહર્ષ વાચકના ત્રણ શિષ્યો હતા, અર્થાત્ (૧) શ્રી **હેમનંદન** કે જેઓ સં. ૧૬૮૧ થી ૧૬૮૮ ના દરમ્યાન રચાએલ કૃતિઓ દ્વારા પ્રસિદ્ધ શ્રી સહજકીર્ત્તિના[૪] ગુરુ હતા, (૨) **શ્રી હેમકીર્ત્તિ** અને (૩) પ્રસ્તુત કવિ શ્રી **શ્રીસાર**.

કવિ શ્રીસારની સાહિત્યપ્રવૃત્તિના સમયનો પહેલો ભાગ ખરતરગચ્છની મુખ્ય શાખાના બીજા **જિનરાજસૂરિના** ગચ્છપતિ-જમાનામાં (સં. ૧૬૭૪-૧૬૯૯) સમાયેલ છે, કે જે ખરતર ગચ્છના ૧૧ ગચ્છભેદોમાંના ત્રણ ભેદોથી અંકિત છે. આ ત્રણ ભેદો થયા પહેલાં, અર્થાત્ આઠમો ભેદ થતાં સં. ૧૬૮૬ માં શ્રી જિનસાગરસૂરિની શાખા, તથા નવમા અને દસમા ભેદ સં. ૧૭૦૦ માં થતાં શ્રી રંગવિજયની અને શ્રીસારીય શાખા નિકળ્યા પહેલાં, સં. ૧૬૮૧ માં શ્રીસારે આ જિનરાજસૂરિનો રાસ રચ્યો છે, કે જેમાં તેઓ વારંવાર શ્રીજિનરાજસૂરિને અને તેમના ભવિષ્યના પ્રતિસ્પર્દ્ધી શ્રી **જિનસાગરસૂરિને** બન્નેનેય "ગુરુ" તરીકે સંબોધિત કરે છે (જુઓ શ્રી નાહટાજી દ્વારા સંપાદિત આ રાસ પૃ. ૧૬૯-૧૭૧, પદ્ય ૮, ૧૦, ૧૨, ૧૪ અને ઢાલ ૧૧, પદ્ય ૧, ૧૦), અને પોતાની જાતને શ્રી જિનરાજસૂરિના 'સેવક' તરીકે ઓળખાવે છે (પૃ. ૧૭૦, ઢાલ ૧૧, પદ્ય ૩.)

આ જિનરાજસૂરિ (ભૂતપૂર્વ મુનિ રાજસમુદ્ર) પોતાની સાહિત્યપ્રવૃત્તિ અને પ્રતિષ્ઠાલેખો અનુસાર એક મહાન્ વ્યક્તિ હતા. ખરતરગચ્છની મુખ્ય શાખા આગળ ચલાવનર એમના પટ્ટધર શ્રી જિનરત્નસૂરિ ઓછી પ્રસિદ્ધિમાં આવ્યા છે, જ્યારે કે આ જિનરત્નસૂરિની પ્રતિસ્પર્દ્ધામાં એક નવીન શાખા સ્થાપિત કરનાર શ્રી **જિનરંગસૂરિ**[૫] (ભૂતપૂર્વ શ્રી રંગવિજય) મહાપ્રભાવશાલી અને યુગપ્રધાનની પદવીથી વિભૂષિત હતા. એમની કેટલીક સાહિત્યિક રચનાઓ પણ વિદ્યમાન છે.[૬] આ બન્ને ગચ્છનાયકોને નહીં માનનાર અને શ્રી જિનરાજસૂરિના સ્વર્ગવાસ પછી જ સં. ૧૭૦૦ માં ઉત્પન્ન થયેલી રંગવિજય-શાખામાંથી જ આ જ સંવતમાં બન્ને વિદ્યમાન શાખાઓની પ્રતિસ્પર્દ્ધારૂપ પોતાની નિજી શ્રીસારીય શાખા ઉત્પન્ન કરનાર **શ્રીસારોપાધ્યાય** કોણ હતા અને એમનો કરેલો આ ગચ્છભેદ શા કારણથી થયો તે સંબંધી હસ્તગત સાહિત્યમાં હજુ સુધી કોઈ ઉલ્લેખ ઉપલબ્ધ થયો નથી. માત્ર આટલું જ વિદિત છે કે આ શ્રીસાર 'ઉપાધ્યાય' પદવીથી વિભૂષિત અને જિનરાજસૂરિ શિષ્ય શ્રી જિનરંગસૂરિના સમુદાયના હતા.

હવે પ્રસ્તુત કવિ શ્રીસાર કે જેમની રચાએલી સ્તુતિ નીચે પ્રકાશિત કરવામાં આવે છે તેઓ પણ વાચક, અર્થાત્ ઉપાધ્યાય હતા, અને તેઓ પણ શ્રીજિનરાજસૂરિ અને

---

૪. જુઓ જૈ. ગુ. ક. ભાગ ૧ પૃ. ૫૨૫-૫૨૬; જૈ. સા. સં. ઇ. પેરા ૮૮૪, અને ઐ. જૈ. કા. સં. પૃ. ૧૭૪-૧૭૬.

૫. જુઓ નાહટા, ઐ. જૈ. કા. સં. ભૂમિકા, પૃ. ૬૧.

૬. જુઓ જૈ. ગુ. ક. ભા. ૨. પૃ. ૨૭૩ અને ભા. ૩, પૃ. ૧૨૭૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમના સમુદાય સાથે ઘણો સંબંધ રાખતા હતા. અર્થાત્ યદ્યપિ આ કવિ શ્રીસાર ખેમ શાખાના હતા, તથાપિ આ વાત બનવા જોગ છે કે તેઓ અને અચ્છભેદ કરનાર શ્રીસાર આ બન્નેનો એક જ વ્યક્તિમાં સમાવેશ થાય. નહીં તો આ અપ્રચલિત નામની બે ભિન્ન વ્યક્તિઓનું એક જ સમુદાયમાં સમકાલીન અસ્તિત્વ માનવું પડશે. જે ઇતિહાસજ્ઞ વિદ્વાનોને રાજપુતાના અને ગુજરાતના જૈન ભંડારોની અપૂર્વ સાહિત્ય-સમૃદ્ધિ સુલભ છે તેઓમાંના કોઈ એક મહાશય આ પ્રશ્ન ઉપર ઠીક પ્રકાશ પાડે તો સારું થાય.

# श्रीफलवर्द्धि-पार्श्वनाथ स्तुति ।

दूहा ॥

परता पूरण परगडउ अरिगंजन अरिहंत ।
साचउ साहिब तु सही भयभंजन भगवंत ॥ १ ॥
**वामा**-नन्दण वंदीयइ दउलतिनउ दातार ।
किडीथी कुंजर करइ सेवकनइ साधार ॥ २ ॥
श्री**फलवर्द्धिपुर** धणी एकल्लमल्ल अबीह ।
भावठि भयगज भंजिवा तुं सादूलउं सीह ॥ ३ ॥
पाय कमल तुज प्रणमतां अधिक वधइ आणंद ।
दादउ मोटो देवता वंदइ सुरनर वृंद ॥ ४ ॥

॥ **छंद मोतीदाम** ॥

कितुं तुझ वंदइ नरना वृदं, कितुं तुझ सेवा सारइ इदं ।
कितुं तुं दूरि गमावइ दंद, कितुं तुं अधिकउ थइ आणंद ॥ ५ ॥
कितुं तुझ देह अपुत्या पूत, कितुं तुं साधइ सघला सूत ।
कितुं तुं आणइ महीयल मेह, कितुं तुं नवल वधारइ नेह ॥ ६ ॥
कितुं तुं दूरि हरइ दालिद, कितुं तुं रोग गमावइ रद ।
कितुं तुं परता पूरणहार, कितुं तुं अडवडिआं आधार ॥ ७ ॥
कितुं तुं भाजइ भावठि भूष, कितुं तुं टालइ सघला दूष ।
कितुं तुं वांधां वधइं विवेक, कितुं तुं पूरइ आस अनेक ॥ ८ ॥
कितुं तुझ नमतां नव निधि होई, कितुं तुझ आस करइ सहू कोई ।
कितुं तुं कुशल करइं कल्याण, कितुं तुं दोलति थइ दिवाण ॥ ९ ॥
कितुं तुझ मेरु सम उभल मन, कितुं तुझ लोक कहइं धन धन ।
कितुं तुं वारिद जेम वरन, कितुं तुं आपइ परघल अन ॥ १० ॥

---

(૧) 'दुहा' માત્ર 'બ'માં; 'બ' पूरण प्रणमोये. (૨) 'અ' वंदी दी०; दाता. (૩) 'બ' भावठ गय भं०. (૫) ત્રીજું અને ચોથું ચરણ 'બ'માં ઉલટું છે. (૬) 'અ' तु महीयल आण मेह. (૮) 'બ' ત્રીજું અને ચોથું ચરણ ઉલટું; तुं विध्या धरे विवेक. (૧૦) 'બ' वारधी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



किंतुं तुं रांकांने करइ राओ, किंतुं तुं सेव्या थइ सिरपाओ ।
किंतुं तुं जोडइ भोग संजोग, किंतुं तुं सरव गमावइ रोग ॥ ११ ॥

किंतुं तुं समर्यो करइ सुगाल, किंतुं तुं पिसुण करइ पइमाल ।
किंतुं तुं चिंता करइ चकचूर, किंतुं तुं विघन विडारइ दूर ॥ १२ ॥

किंतुं तुं आपइ अविचल वाण, किंतुं तुं आच्छा ए अहिनाण ।
किंतुं तुं सघलइ हो सिरदार, किंतुं तुझ कोइ न लोपइ कार ॥ १३ ॥

किंतुं तुं सोहइ मोटो साध, किंतुं तुं आगम गुणइ आगाध ।
किंतुं तुं संसो भाजइ सर्व, किंतुं तुं गालइ दुसमण गर्व ॥ १४ ॥

किंतुं तुं अनंत अनंत अनंत, भलइं मइं भेट्यउ श्रीभगवंत ।
सदा एक तोरउ साचउ साथ, जयउ परमेसर **पारसनाथ** ॥ १५ ॥

अलष, अलष, अलष, अलष, सदा तुं सेवकनइं परतष ।
अधिक अधिक दीयइ आणंद, जयउ श्री**फलवर्द्धि पास** जिणंद ॥ १६ ॥

अपार, अपार, अपार, अपार, अनाथ नरांनइ तुं आधार ।
अगम, अगम, अगम, अगम, धरुं एक साचउ तुझ धरम ॥ १७ ॥

बहु जिण अटवि माहे बीह, सदा जिहां विचरइ सबला सीह ।
तिहां तुं सेवक नइ निसतारि, कृपा करि मेलइं पेल्हइ पारि ॥ १८ ॥

जिहां जिहां समरइ सेवक जेह, तिहां तिहां इच्छा पूरइ तेह ।
कहूं इम केता तुझ बिरद, मोटउ तुं **पारसनाथ** मरद ॥ १९ ॥

इला तुं एकल्ल मल्ल अबीह, न लोपइ कोइ तोरी लीह ।
माया हिव मासुं करि माहाराज, परतीष इच्छा पूरो आज ॥ २० ॥

**ऊलालो** ॥

इच्छा पूरउ आज सुपरसन, सेवकां संभारो,
जिणवर **पास जिणंद,** सदा हूं सेवक ताहरो ।
कल्पवृक्ष थी अधिक, कृपा मो उपरि कीजइ,
श्री **आससेन** सुतनय, धणी मुझ दउलति दीजइ ।
श्री **रतनहरष गुरु शिसवर,** **सार** सुजस इस उचरइ,
**फलवर्द्धि** राय मोटो धणी, सेवकनइं सानिध करइ ॥ २१ ॥

ઉજ્જૈન તા. ૮-૧-૧૯૪૬.

---

(૧૧) 'અ'માં ત્રીજું અને ચોથું ચરણ નથી. (૧૩) અને (૧૪) ચરણોનો ક્રમ બદલી ગયો. (૧૬) 'અ'માં ત્રણ વાર अलष; 'અ' दीयइ બે વાર. (૧૭) 'અ'માં अपार અને अगम માત્ર ૩ વાર. (૧૭) 'બ' तारो धरम. (૧૮) 'બ' अबीह; 'ब' करपा; पेले पार. (૧૯) 'અ' बहुं इम; मोटउपन पासनाथ. (२०) 'અ' मह्य. (२१) 'અ' सुपरि सेवकां साधारउ; 'બ' सूधारो; 'બ' थांरो, 'અ' सुतन, 'બ' सूतन; 'બ' सूसेवकने.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra    www.kobatirth.org    Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નડિયાદના એક જિનમંદિરની પ્રતિમાઓના લેખ

સંગ્રાહક—વૈદ્ય ચીમનલાલ લલ્લુભાઈ ઝવેરી, મહુધા

(ગતાંકથી પૂર્ણ)

## શિલાલેખોમાં સમાયેલાં તત્ત્વો અને તેની ઐતિહાસિક ઉપયોગિતા

જગતના વ્યવહારમાં રાજ્ય જેમ મહત્ત્વની વસ્તુ છે તેવી જ રીતે ધર્મ એ માનવ સમાજની ઇહ–પારલૌકિક આત્મોન્નત્તિનું સાધન છે. અતએવ રાજ્યવ્યવસ્થા માટે જેમ ભિન્ન ભિન્ન અધિકારીઓ નિયત થએલા છે તેવી જ રીતે ધર્મને માટે ધર્માધ્યક્ષો નિમાએલા છે. ધર્માધ્યક્ષો અને ધર્મભક્તોનો સપ્રમાણ ઇતિહાસ પ્રાપ્ત કરવામાં આવા લેખો બહુ ઉપયોગી છે. આ લેખોમાં નીચેનાં તત્ત્વો સમાએલાં છે—

૧ મૂર્તિ કરાવનાર અને તેના પ્રતિષ્ઠાતાનો સંક્ષિપ્ત પરિચય.

૨ વર્ષ, માસ, પક્ષ, તિથિ અને વાર.

૩ રહેવાનું સ્થાન (કરાવનારનું).

૪ કરાવનારની જ્ઞાતિ, વંશ અને કરાવવાનો હેતુ.

૫ પ્રતિષ્ઠાતા ધર્માધ્યક્ષનો મત અથવા ગચ્છ.

૬ પ્રતિષ્ઠાતાની વંશપરંપરા (પેઢીનામું.)

આ લેખોમાં સર્વથા પ્રાચીન લેખ મૂલ ગભીગારમાં પાર્શ્વપ્રભુની ગાદી નીચેનો છે. તેમાં જણાવ્યા મુજબ વિક્રમ સંવત ૧૨૩૮ના વૈશાખ સુદ ૧૧ ગુરુવારે નાગેંદ્ર ગચ્છમાં સિદ્ધસેનસૂરિની પરંપરામાં થએલા સંતાનોના ભક્ત પારેખ ચાહડની સ્ત્રી સુલક્ષણાએ મૂર્તિ કરાવી. જો કે એમાં કરાવનારની જ્ઞાતિ, વંશ કે ગામનો પરિચય આપેલો નથી એટલે તે વિષે કાંઇ આપણાથી વધારે વિચાર થઈ શકે તેવો નથી. પરન્તુ નાગેંદ્રગચ્છ અને સિદ્ધસેનસૂરિ વિષે વિચાર થઈ શકે તેવું છે. નાગેંદ્ર એ નામનું કુલ વજ્રસેનસૂરિના ચાર શિષ્યોથી સ્થપાયાનું કલ્પસૂત્રની સ્થવીરાવલી અને ભિન્ન ભિન્ન પટ્ટાવલીઓ કહે છે. પરંતુ **નાગેંદ્ર ગચ્છ** એ નામ આપવામાં આવ્યું નથી. પણ સંભવિત છે કે નાગેંદ્ર કુલ બહુ વિસ્તૃત ન થયું હોય અને પાછળથી તેને કુલ તરીકે ન ઓળખાવતાં ગચ્છ તરીકે ઓળખાવવા માંડયું હોય એમ સમજાય છે. આ ગચ્છોત્પત્તિના નિમિત્તરૂપ તે ગચ્છના કોઈ આચાર્યશ્રીએ નાગેંદ્ર (ધરણેન્દ્ર)ની આરાધના કરી હોય ને તેથી તેમનો ગચ્છ નાગેંદ્ર નામે પ્રસિદ્ધિમાં નોંધાયો હોય તો બનવા જોગ છે. આ નામ સાથે નાગદ્રહ નામે ગામ અને નાગર નામે વણિગ્જાતિ ખાસ સંબંધ ધરાવતી હોવાનું સંભવે છે, પરન્તુ તેવા સ્પષ્ટ પ્રમાણનું અન્વેશણ ખાસ આવશ્યક છે.

સિદ્ધસેનસૂરિ—એ નામ મહારાજા વિક્રમાર્કના ગુરુના નામ સાથે મલતું આવે છે, કે જેઓએ **સમ્મત્તિતર્ક** પ્રકરણ નામે ન્યાયનો મહાન ગ્રંથ લખ્યો છે. આ મહાન આચાર્યનો જ આ લેખમાં નિર્દેષ કરવામાં આવ્યો છે કે એ નામના બીજા આચાર્યનો નિર્દેશ છે એ બાબતનો નિશ્ચય કરવાનું આપણને અન્ય સાધન જ્યાંસુધી અપ્રાપ્ય છે, ત્યાં સુધી નિર્ણીત કરવું અસંભવ છે, પરન્તુ સદરહુ પૂજ્ય સૂરિવર વિક્રમની તેરમી સદી પહેલાં થએલા છે એમ તો આ લેખ જ સાબિતી આપે છે. આ ગચ્છના ઉપલબ્ધ થએલા લેખોમાં **પૂરણચંદ નાહર સંગ્રહીત** અને પ્રકાશિત **જૈન લેખ સંગ્રહ**માં સં. ૧૪૪૬ થી સં. ૧૫૭૨ સુધીમાં ક્રમશઃ રત્નપ્રભસૂરિ (૧), સિંહદત્તસૂરિ (૨), વિનયપ્રભસૂરિ (૩), ગુણદેવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરિ (૪), સોમરત્નસૂરિ (૫), ગુણવર્ધનસૂરિ (૬) નાં નામો ઉપલબ્ધ થાય છે. હાલ તો આ ગચ્છના આટલા જ ચોક્કસ પરિચયથી આપણે સંતોષ માનવાનો છે.

નં. ૧૭ નો લેખ ચૈત્યના મેડા ઉપરના મેરૂપર્વતસ્થ ચતુર્મુખ મૂર્તિની છત્રી ઉપર ચારે બાજુ ફરતી એક જ લાઈનમાં લખેલો છે. આ મૂર્તિ સ્થિર કરેલ હોવાથી પાછળની લાઈન અને દક્ષિણ બાજુની લાઇનિ વાંચી શકાતી નથી. પણ આ લેખ, ઉપરના લેખ પછી, બીજા નંબરે આવે તેવો છે. આ લેખ અપૂર્ણ હોવાથી તેનું વર્ષ અને કરાવનારની જ્ઞાતિ કે નામ મળ્યું નથી, પરંતુ પ્રતિષ્ઠાતાનો ગચ્છ અને ગુરુશિષ્યનું નામ ઉપલબ્ધ થાય છે. રુદ્રપલ્લીય ગચ્છનો પરિચય આપણને ખરતર ગચ્છની પટ્ટાવલીમાંથી પ્રાપ્ત થાય તેવું છે, કેમકે આ ગચ્છ ખરતરગચ્છની સૌથી પ્રથમ શાખા છે. આ ગચ્છના દેવપ્રભાચાર્યના પટ્ટધર **કમલપ્રભસૂરિએ જિનપંજરસ્તોત્ર** બનાવેલું સુપ્રસિદ્ધ છે. આ ગચ્છમાં સંવત્ ૧૪૫૪થી સંવત્ ૧૬૮૫ સુધીમાં અનુક્રમે ૧. દેવસુંદરસૂરિ, ૨. સોમસુંદરસૂરિ, ૩. ગુણસુંદરસૂરિ, ૪. ભાવતિલકસૂરિ એ ક્રમથી આચાર્યપરંપરા જોવામાં આવે છે,

નં. ૩ ના લેખમાં સં. ૧૪૭૫માં આગમપક્ષના અમરસિંહસૂરિએ શ્રીમાલ જ્ઞાતિના શેઠ દેવડની સ્ત્રી દેવલદેવીના પુત્ર ચાંપાએ કરાવેલી મૂર્તિના પ્રતિષ્ઠા કરી છે. આ આગમ-પક્ષને પાછળથી ગચ્છ શબ્દ લગાડવામાં આવ્યો છે. નાહર સંગ્રહીત **જૈન લેખ સંગ્રહ**માં સં. ૧૪૩૮ થી સં. ૧૫૭૫ સુધીમાં ક્રમશઃ જયતિલકસૂરિ (૧), હેમરત્નસૂરિ (૨), શીલ-રત્નસૂરિ (૩), જિનરત્નસૂરિ (૪), પાદપ્રભસૂરિ (૫), દેવરત્નસૂરિ (૬), સોમરત્નસૂરિ (૭), આનંદરત્નસૂરિ (૮), નોંધાએલા છે. આપણા લેખમાં બતાવેલા અમરસિંહસૂરિ તે જયતિલક-સૂરિની પાછળના પટ્ટધર હતા. આ આચાર્યની સર્વમાન્ય તરીકે પાઠ્યમાં ભણાતી કૃતિ **અમરકોશ** જેને જૈનેતરો બૌદ્ધ માને છે તે આ જ જૈનાચાર્યની કૃતિ છે. છતાં તેના વિશિષ્ટ પ્રમાણ માટે પ્રાચીન ભંડારોનાં પુસ્તકોની પુષ્પિકાઓ અન્વેષણીય છે.

નંબર ત્રીજાના લેખમાં સં. ૧૪૭૫માં મારૂતજ્ઞાતિની શ્રાવિકા ટબકૂના ભાઈના છોકરા મહેતા બૂટાએ પોતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી. મારૂત જ્ઞાતિ શબ્દના બે અર્થો થઈ શકે છે. મરૂત એટલે પવન–વાયુ એ અર્થ વિચારી જોતાં આ કરાવનાર વાયડા જ્ઞાતિના હોવા સંભવે છે. બીજો અર્થ ગુજરાતમાં મારૂ નામે વિદેશથી આવી વસેલા જૈનોની વસ્તી હાલમાં છે, પરંતુ તેઓ મારૂ કહેવાવા છતાં જ્ઞાતે શ્રીમાલીઓ છે. જ્યારે આ લેખમાં તો તેને સીધી મારૂત જ્ઞાતિ બતાવવામાં આવી છે. સોવશા તો એનો અર્થ આપણે વાયડા જ્ઞાતિ ધારવી વધારે ઉચિત જણાય છે. મૂર્તિના પ્રતિષ્ઠાતા આચાર્યશ્રીનું નામ સ્પષ્ટ નથી, તેમ તેમનો ગચ્છ પણ જણાતો નથી અતએવ એ વિષે કશો ચોક્કસ નિર્દેશ કરી શકાય નહીં.

નં. ૪–૫ વાળા લેખોની મૂર્તિઓના પ્રતિષ્ઠાતા તપાગચ્છના શ્રીમાન્ રત્નશેખરસૂરિ છે. તેઓએ સંસ્કૃત પ્રાકૃત સાહિત્યના પોષણમાં અને જૈન કોમમાં ધાર્મિક શિક્ષા ફેલાવ-નારા ગ્રંથોનું નિર્માણ કરવામાં અગ્રસ્થાને ભાગ લીધો છે. **શ્રાદ્ધવિધિ** નામે ગ્રંથ તેમની સુપ્રસિદ્ધ કૃતિ છે. સંવત્ ૧૫૦૬ ના વૈશાખ સુદિ છઠે શ્રીમાલ જ્ઞાતિના શા. દેવરાજે કુટુંબના શ્રેય માટે મૂર્તિ કરાવી, તેમજ સં. ૧૫૦૮ ના વૈ. સુ. પાંચમે નડિયાદના રહેવાસી વાયડા જ્ઞાતિના દોસી જૂઠાએ પોતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી-એ ઉપરથી આ જ્ઞાતિ, ધર્મની સાંપ્રદાયિક માન્યતાઓમાં તપાગચ્છની પણ ઉપાસક હતી એ સપ્રમાણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૬–૭–૧૧–૧૨ આ ચારે લેખોવાળી મૂર્તિઓની પ્રતિષ્ઠા બૃહત્તપાગચ્છના આચાર્ય રત્નસિંહસૂરિ, જિનરત્નસૂરિ અને લબ્ધિસાગરસૂરિએ અનુક્રમે સં. ૧૫૦૯, સં. ૧૫૧૫, સં. ૧૫૫૯, સં. ૧૫૬૧માં કરી છે. બૃહત્તપાગચ્છની સ્થાપના સુપ્રસિદ્ધ વ્યાઘ્રપલ્લીયવંશના રાણા વીરધવલના મંત્રી વસ્તુપાલ તેમજ સેનાપતિ તેજપાલના સમયમાં ખંભાતમાં જ થએલી છે. આ લેખ સંક્ષિપ્ત પરિચય કરાવનાર હોવાથી અહીં તેની સઘળી બીના રજુ કરવી અસ્થાને છે. અતએવ વિશેષ જાણવાની ઇચ્છાવાળાએ તપાગચ્છ પટ્ટાવલિ જોવી. આ ગચ્છના આચાર્યશ્રીઓએ પણ ધર્મપ્રચાર અને ધર્મપ્રભાવનાના તેમજ સેવાના કામમાં ઘણો સારો ભાગ લીધો છે. અને તેમના શિષ્યશિષ્યાના સમુદાયે પણ સંસ્કૃત ગુર્જર સાહિત્યસેવામાં ઓછો ભાગ લીધો નથી, પરંતુ તે સંબંધી વિસ્તૃત વર્ણન બીજા પ્રસંગે રજુ કરીશું. સદરહુ લેખોમાં સં. ૧૫૦૯ના જેઠ વદિ ૯ ગુરુવારે ઓસવાલ જ્ઞાતિના મહેતા કુંરસીની પુત્રી ગદાએ પોતાનાં માતાપિતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી, તે ઘસાવાથી કે જૂની થવાથી તેમના જ વંશમાં થએલી શાહ જાંબાની સ્ત્રી કમલાદેવીએ સં. ૧૫૯૩ના ફા. સુ. ૬ને શનિવારે વ્યવસ્થિત કરાવી ફરી પ્રતિષ્ઠિત કરાવી પૂજામાં લીધી. તેમજ સં. ૧૫૧૫ના ફા. સુ. ૯ રવિવારે શ્રીમાલ જ્ઞાતિના દોસી જમાની પુત્રી જટકૂ, જે દેવસીની સ્ત્રી થતી હતી તેણે પોતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી. વળી સં. ૧૫૫૯માં માહ વદિ ૪ ને સોમવારે ઠયાપલ્લિના રહેવાસી શ્રીમાલ જ્ઞાતિના શેઠ દેવદત્ત અને અદાએ પોતાની માતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી. આ લેખમાં જણાવેલી ઠયાપલ્લિ વિષે સમયપરિવર્તને નામાંતર થવાથી કાંઈ પણ ચોકકસ નિર્ણય ધારી શકાતો નથી. સંવત્ ૧૫૬૧ ના ફા. સુ. ૧૧ને શુક્રવારે શ્રીમાલી જ્ઞાતિના શાહ વસ્તાએ પોતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી.

નંબર ૮–૯ વાળા લેખોવાળી મૂર્તિઓની પ્રતિષ્ઠા તપાગચ્છના સુપ્રસિદ્ધ આચાર્ય લક્ષ્મીસાગરસૂરિએ સં. ૧૫૨૨ અને સં. ૧૫૨૩ માં કરી છે. આ બન્ને મૂર્તિઓ ખેડા જિલ્લાનાં બે જુદાં જુદાં ગામના રહેવાસીઓએ કરાવી છે. આ આચાર્યશ્રીના વખતમાં મહેમદાવાદ તાલુકાનું સુંઝગામ ઘણું સમૃદ્ધ હતું કે જ્યાંથી ઓગણીસમી સદીમાં માતરના સાચાદેવ સુમતિનાથની મૂર્તિ નીકળી હતી. એના વિસ્તૃત વર્ણન માટે જુઓ અમારો કરેલો સુમતિનાથ સત્યદેવ પ્રબંધ. સુંઝગામમાં પોરવાડ જ્ઞાતિના શેઠ નાગાએ પોતાના કલ્યાણ માટે મૂર્તિક કરાવી. અને સં. ૧૫૨૩ વૈ. વ. ૪ ગુરુવારે આણંદની રહેવાસી પોરવાડ શેઠાણી ડાડીએ પોતાના પતિના કલ્યાણ માટે મૂર્તિ કરાવી. તે વખતે સુધાનંદન-સૂરિ અને રત્નમંડનસૂરિ ગચ્છાચાર્ય પાસે હાજર હતા. ગચ્છનાયક લક્ષ્મીસાગરસૂરિની અને તત્સમયના તેમજ તેમના હાથ નીચેના આચાર્ય ઉપાધ્યાય પંડિત વગેરેની ચોક્કસ માહિતી જોવા ઇચ્છનારે ગુરુગુણરત્નાકર કાવ્ય જોવું.

નંબર ૧૦ નો લેખ સંવત્ ૧૫૨૮ ના ચૈત્ર વદિ ૧૦ ગુરુવારે શ્રી શ્રીવંશના સોની માંડણે છોકરાની વહુ જસમાદેવીના પુણ્યને માટે સુમતિનાથની મૂર્તિ કરાવી તેનો છે. આ લેખમાં બતાવેલો શ્રીશ્રીવંશ તે પ્રાચીન લિચ્છવી ઉર્ફે હૈહયવંશ સાથે સંબંધ ધરાવે છે. આ વંશ ભગવાન મહાવીર દેવના વખતમાં બલવાન તરીકે પંકાતો હતો અને તેનું પાટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નગર-**વૈશાલી** ઉર્ફે **બિહાર** હતું, તેમજ તેમની જાતિનાં બીજાં નવ નાનાં રાજ્યો **કોશલ-દેશ** ઉપર રાજ્ય કરતાં હતાં ને તેઓ સઘળાં **વૈશાલીના** ખંડીઆં રાજ્યો હતાં. મગધના **શિશુનાગવંશે વૈશાલીનું** રાજ્ય જીતી લીધું તે સમયે દેશ છોડી આ દેશમાં આવી વસેલાઓ પોતાને શ્રીશ્રીવંશના નામે ઓળખાવે છે. **સોની માંડણે** કરાવેલી મૂર્તિની પ્રતિષ્ઠા અંચલગચ્છના જયકેસરીસૂરિએ કરી. આ ગચ્છનું વાસ્તવિક નામ **વિધિપક્ષ** હતું અને તે ગુજરાતના રાજા **જયસિંહ દેવના** વખતમાં થયો હતો. એ પક્ષની સ્થાપના કરનાર આચાર્યશ્રીએ પોતે કઈ કઈ બાબતમાં તેઓનો મતભેદ છે તેનું સ્પષ્ટીકરણ કરવા **સપ્તપદી** નામે પુસ્તક લખ્યું છે. આ ગચ્છના અનુયાયિઓ કચ્છ કંઠી-માંખવટ અને અબડાસામાં વિશેષ વસે છે. આ પક્ષનું પાછળથી નામ **અંચલગચ્છ** પડયું છે, કારણ કે ધર્મક્રિયામાં ગૃહસ્થો ખેસના છેડાનો ઉપયોગ કરે છે. આ ગચ્છમાં ઘણા સારા સારા વિદ્વાન આચાર્યો થયા છે ને તેમણે સંસ્કૃત ગૂર્જર સાહિત્યની સારી સેવા બજાવી છે.

નંબર ૧૩ ના લેખમાં સં. ૧૫૬૧ ના વૈશાખ વદિ ૫ શુક્રવારે નડિયાદના રહેવાસી શ્રીમાલી જ્ઞાતિના શેઠ કાહાનાએ છોકરાની વહુ લાખાઈના કલ્યાણ માટે ચતુર્મુખ મૂર્તિ કરાવી. તેની તપાગચ્છના નાયક હેમવિમલસૂરિએ પ્રતિષ્ઠા કરી. હેમવિમલસૂરિ ઉત્તમ વૈરાગ્યવાન પુરુષ હતા ને તેમણે ધર્મ માટે સારો પ્રયત્ન આદર્યો હતો કે જેથી વૈરાગ્યવાન પક્ષ બલવાન થયો.

નંબર ૧૫ નો લેખ તેઓના અનુયાયી આચાર્ય આનંદવિમલસૂરિ પ્રતિષ્ઠિત છે. આ જ આચાર્યશ્રીએ, સોમપ્રભાચાર્યે સાધુઓને સૌરાષ્ટ્ર વિહારની કરેલી મનાઈ રદ કરી, કાહાના ઋષિ અને વિદ્યાસાગર ઉપાધ્યાય વગેરેને કાઠિયાવાડ તથા મારવાડમાં મોકલી અધર્મનો પ્રચાર અટકાવ્યો. એ જ આચાર્યશ્રીએ શ્રીમાલીજ્ઞાતિની કમલાદેવીએ કરાવેલી પાર્શ્વનાથમૂર્તિની પ્રતિષ્ઠા કરી. તપાગચ્છના આચાર્યવર્યોની વિસ્તૃત વિગત મુનિસુંદર-સૂરિની ગુર્વાવલીમાં તથા ધર્મસાગરજીની તપગચ્છ પટ્ટાવલીમાં તથા તે સિવાય બીજી નાની મોટી પ્રાસદ્ધ અપ્રસિદ્ધ પટ્ટાવલીઓમાં આપેલી છે તે ત્યાંથી જોઈ લેવી.

નંબર ૧૬ નો લેખ સં. ૧૫૯૮ના વૈ. સુ. ૫ ગુરુવારે શ્રીમાલજ્ઞાતિની શાહ ધનજીની સ્ત્રી કુંવરિએ પોતાના કલ્યાણ માટે સર્વસૂરિપાસે પ્રતિષ્ઠા કરાવી તેનો છે. સર્વસૂરિ એ પ્રસિદ્ધ શત્રુંજયની કર્માશાહકારિત મૂર્તિની પ્રતિષ્ઠા કરનાર વડી પોસાલના રત્નાકરસૂરિએ પોતાનું નામ ન આપતાં સામાન્ય નામ સર્વસૂરિ આપ્યુ છે તે તેમના સંબંધમાં વપરાએલું સંભવે છે.

નંબર ૧૮-૧૯ ના લેખો એક જ વર્ષમાં ને એક જ દિવસે લખાએલા હોઈ ખુદ નડિયાદના જ છે. પહેલા લેખમાં કરાવનારની નાતનું નામ હોવા છતાં મળી શકયું નથી. પરન્તુ પારેખ નાથજીએ આ ભગવાનની પાષાણમય મૂર્તિ કરાવી તેની **તપાગચ્છના વિજયદેવસૂરિએ** પ્રતિષ્ઠા કરી. આ અને એની પછીના લેખમાં જણાવેલા ત્રણ આચાર્યો ક્રમશઃ સમર્થ પુરુષો હતા. તેમનાં વિસ્તૃત વૃત્તાંતો હીરસૌભાગ્ય કાવ્ય, વિજયપ્રશસ્તિ કાવ્ય, વિજયદેવમાહાત્મ્ય અને હીરસૂરિરાસમાં આપેલાં છે. તે સિવાય **સૂરીશ્વર અને સમ્રાટ** નામનું પુસ્તક પણ સુપ્રમાણિત ઇતિહાસ રજુ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમાન હીરવિજયસૂરિ, શ્રીમાન્ વિજયસેનસૂરિ અને તેમનો વિદ્વાન શિષ્યવર્ગ જેવા કે મહોપાધ્યાય શાંતિચંદ્ર ગણિ તથા મહોપાધ્યાય ભાનુચંદ્ર ગણિ તથા મહોપાધ્યાય સિદ્ધિચંદ્ર ગણિએ ઉપદેશ અને પ્રેરણાથી મુગલ સામ્રાજ્યમાં દિનેઈલાહીના તહેવારો અને પવિત્ર મહિનાઓ ઉપરાંત જૈન તહેવારો વગેરેમાં અહિંસા પાળવાનાં આજ્ઞા પત્રો મેળવ્યાં હતાં, જેનાથી બાર માસમાં છ માસ અહિંસા પળાવી, તેમજ સમગ્ર જૈન તીર્થો વેરા-મુક્ત થયાં, અને જે જીજીઆ કરની ૧૪ કરોડ રૂપિઆની ઉપજ હતી તેનાથી સમગ્ર હીંદુ પ્રજાને મુક્ત કરાવી. એ સમર્થ આચાર્યની પાદુકા નડિયાદના સંઘે કરાવી છે. પારેખ પુનદના પુત્ર ક્ષત્રપની અધ્યક્ષતા નીચે એની સં. ૧૬૬૬ ના ફા. સુ. ૩ શુક્રવારે પ્રતિષ્ઠા કરી હતી.

આ અને આવા બીજા લેખોમાં પુરુષોનાં નામની સાથે સાથે સ્ત્રીઓનાં નામો પણ આપવામાં આવ્યાં છે એ જૈન સંસ્કૃતિની સ્ત્રીસન્માનની દૃષ્ટિને બતાવે છે.

**નડિયાદ**—નડિયાદ એ પ્રાચીન સમયમાં જૈન વસ્તીથી ભરપૂર હોવા માટે નં. ૫ નં. ૧૩. નં. ૧૮-૧૯ એ ચાર લેખો પૂરાવા રૂપ છે, અને તેને દંતવાર્તા સંપૂર્ણ ટેકો આપે છે કે આ નડિયાદમાં વણિગ્ જૈનોની સાતસો ઘરની વસ્તી હતી અને સાત જૈન દેવાલયો હતાં. તે ઉપરથી પ્રાચીન કાળે પણ નડિયાદ જૈન વસ્તિથી સમૃદ્ધ હોવાનો ચોક્કસ પૂરાવો મળે છે. પરન્તુ ત્યાર પછી રાજકીય ફેરફારોના સબબે વ્યાપાર તૂટી જવાથી કેટલીક વસ્તી અન્ય નગરોમાં જઈ વસવાથી નડિયાદમાં જૈન વસ્તીનો ઘટાડો થવા પામ્યો છે અને કાંઈક વાયડા વણિગ્ જેવી જ્ઞાતિ ધર્માંતરિત થઈ છે એ જૈન ધર્મોપદેશકોની ગેરહાજરીનું પરિણામ છે.

આ લેખમાં પ્રસિદ્ધિમાં મૂકવામાં આવેલા લેખો સિવાય હજુ આ ગામમાં બીજાં બે દેવાલયો છે, અને તેમાંની મૂર્તિઓ ઉપર પ્રાચીન લેખો પણ છે, તે યથાવકાશ પ્રસિદ્ધિમાં મૂકવા પ્રયત્ન કરીશું. સમ્પૂર્ણ.

# નૈતિક સત્યપ્રકાશ

## લેખકઃ-પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રીસિદ્ધિમુનિજી

**સ્વાર્થ ને** સ્નેહ સંબંધ નહોતાં છતાંય, ઉત્તમ પુરુષો પુણ્યમનોરથથી અને કલ્યાણ-ભાવનાથી પરમ હિતનાં વચનો ઉચ્ચારે છે. જ્યાંસુધી જીવને અજ્ઞાન ને મોહનું જોર હોય છે ત્યાંસુધી, તેને એ સદ્વચનોમાં કડવાશ ને કઠિનતા લાગે છે, પણ જ્યારે જ્ઞાનની આંખ ઊઘડી જાય અને મોહનું ઘેરું ઘેન ઊતરી જાય ત્યારે તેને એ જ વચનોમાં અમૃતના જેવી મીઠાશ ને ફૂલના જેવી કોમળતા લાગે છે.

જગતની લેણદેણમાં આદિ ને અંતે બધેય ઝેર ભરેલું છે. તેમાંય વળી કેંક લેણદેણ એવી હોય છે કે જે હલાહલ ઝેરથી ભરેલી હોય છે. આવા ઝેરને જેટલું વધુ કેળવવામાં આવે તેટલું તે વધારે કાતીલ બને છે અને તે કેળવનારને જ આ ભવ તથા પરભવમાં લાખો દુઃખોના દવાગ્નિમાં ધકેલી દે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાડી, વાડી ને ગાડીમાં મદમસ્ત બનેલો માનવી માને છે કે, મારાં આ મજાનાં સુખનાં સાધનોમાં મને ક્યાંથી દુઃખ આવી પડવાનું છે. પણ તે સમજતો નથી કે, એ મજાનાં સાધનો જ દુઃખના ભારે ભરેલાં હોય છે. વધારે નજદીકનાં અને વધારે પોતાનાં જ મનાતાં સાધનો માનવીને જાથુના શોકની શૂળીએ ચડાવી દેતાં હોય છે. મમતાના સ્થાનમાં જ દુઃખોનો નિવાસ રહેલો હોય છે. એ દુઃખોને ઉભરાવાનાં નિમિત્તો પણ ત્યાં રહેલાં જ હોય છે.

સૌથી વધારે મમતાનું સાધન આ કાયા જ કરોડો રોગોનું સ્થાયી સ્થાન છે. પૂર્વનું પુણ્ય જ્યારે ખવાઈ જાય ત્યારે, અને સાથે સાથે જ ઉગ્ર પાપોનો ઘડો ઉભરાઈ જાય ત્યારે; આ ભવમાં જ અંધાપો, અપંગતા, મૂકતા અને કોઢ, ભગંદર, પક્ષઘાત વગેરે અસહ્ય મહારોગો મમતાથી અતિ પોષેલી માનવીની કાયાને ઘેરી લે છે એવો અનુભવ આ દુનિયાને રોજનો છે, પણ મૂર્ખ અને ગાફેલ માણસો પોતાની જાતને સદા સલામત સમજે છે અને ચોરી, ખૂન કે વ્યભિચાર જેવાં બધાં પુણ્યોને ખાઈ જનારાં તથા અધમમાં અધમ મનાતાં પાપોને આચરે છે, એટલું જ નહિ, પરન્તુ તેઓ હિત ચહાનારાઓના ઉપદેશ–અક્ષરોને કાનમાં ધગધગતું સીસું રેડચાના જેવા અસહ્ય ગણી લે છે. પરિણામે તેમનો સાર્થક કરવા જેવો આ ભવ ખાલી ભટકવા જેવો થઈ જાય છે અને તેમને પરભવમાં પુણ્યધર્મના ઉપદેશકની પ્રાપ્તિ દુર્લભ–અતિ દુર્લભ બની જાય છે.

કદીય વગર પડેલા પુણ્યના પર્વત–પંથે ચઢે છે, અને માનવજાતસુલભ ભૂલને લઈ લપસી પડેલાંય લાખો માનવી ફરી વાર એના એ જ પંથે ચઢતાં જોવાય છે, પણ જ્યારે પડેલાંને ઉત્સાહ ભેર ચઢતાં જોવામાં આવે ત્યારે તેઓ કોઈ કોઈ વાર આ દુનિયાથી વધારે પ્રશંસાય છે, કારણ; ઘણી વખત પડેલું ચઢે એ બહુ બહુ રીતે સુસ્થિર હોય છે. આટલા જ માટે પતિતોનો તિરસ્કાર કે વિશેષ અવગણના કરવાની ઉતાવળ ન કરતાં તેમનો ઉદ્ધાર થાય એવાં યથાયોગ્ય સૂચન કરવાં જોઈએ.

જગત ભૂલને પાત્ર છે, થઈ ભૂલો ભૂંસી પણ શકાય છે. કધોયણુ ન પડેલું મેલું વસ્ત્ર ધોતાં ક્વચિત વિશેષ ઊજળું પણ બને છે. આત્મા બલવાન છે તે અશક્યને પણ શક્ય બનાવે છે, વગેરે વાતો યોગ્ય પતિતોને સમજાવતાં તેઓ પોતાનું પરાક્રમ ફોરવે, એ તેમને લાખેણો લાભ આપી દે છે.

જગતમાં સૌથી વધારે દયાપાત્ર અને લાગણી દર્શાવવા લાયક આ ઉપરોક્ત પતિતો જ છે. અજ્ઞાન ને દોઢડાહ્યાં લોકોથી નિન્દાપાત્ર મનાયલાં જ નહિ, પણ સતત નિન્દાયલાં આ બિચારા અધોમુખી માનવીઓને લાખો ઉપાયોથી પણ ઉદ્ધારવાં જોઈએ એવી દયાળુ આત્માઓની ફરજજન્ય સમજ હોય છે. તેઓ સમજે છે અને સમજાવે છે કે કર્મ અધમ છે પણ આત્મા અધમ નથી, એ અધમ કર્મને વશ ન થતાં આત્મા પુરુષાર્થ ફોરવે એટલી જ વાર છે, પછી જોઈ લ્યોને, એ કર્મ શું કરી શકે છે? કર્મ એ નપુંસક છે, આત્મા એ પુરુષ છે. પુરુષના પ્રબળ હાકોટા આગળ નપુંસક થરથરી ઊઠે અને નાશી છૂટવાનો લાગ શોધી નાસી જાય.

કર્મને નસાડવાનું બળ કેળવનારાઓએ સૌથી પ્રથમ સત્સમાગમમાં આવવું અને ત્યાંથી આદર્શ અને પ્રેરણાનાં સિદ્ધજળ પીવાં. કર્મના સહાયક સબળા ય નબળા સંજોગોને દૂર કરવા. દુષ્ટ સંજોગો દૂર થતાં વ્યવહારશુદ્ધિ જાગે વ્યવહારશુદ્ધિથી સત્સમાગમ વધે ને કીર્તિની મનહર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીઠિકા રચાય, ને પછી બીજું કાંઈ નહિ તોય કીર્તિને સાચવવા ફરી-ભૂલ કરવી ન ગમે અને ભૂલ ન થતાં નીતિનો પાયો મજબુતને સ્થિર જ રહે, કે જેથી દાન, દયા, ભક્તિ, વ્રત, ક્રિયા વગેરે વગેરે ધર્મની ઈમારતનાં બધાંય અંગ સ્થિર થાય. કર્મ માણસને આ લોકમાં ને પરલોકમાં દુર્દશા પમાડે છે એમ સમજનારાં ઉપરોક્ત રીતિએ જ કર્મને દુર્દશામાં મેલી દઈ અંતે આત્મામાંથી નસાડી મૂકે છે. 'કાળા માથાનો માનવી શું ન કરે' એ સમજને અમલમાં મેલાય એટલે પછી બસ, જોઈ લ્યો, કેવી સુંદરતા આવી વસે છે!

પાપની બધીય વાતો ભૂલી જવી સારી છે, જ્યારે પુણ્યની એકે વાત ભૂલવી ન જોઈએ. સાંભળેલું કલ્યાણકારી વચન ફરી ફરી વિચારવું અને તે ફરી સાંભળવા મળે તો અતીવ ઉત્સાહપૂર્વક સાંભળવા તૈયાર રહેવું જોઇએ. મોહમાંથી, વિષયવાસનામાંથી જાગેલાં ઝેરી વચનો સાંભળી, તેને વળી વળી યાદ કરી આ જીવ અનંતા કાળથી એક કીડા કરતાંય અત્યંત નફટ જીવતર જીવી રહ્યો છે, તેને પુણ્યવચન સાંભળવા કે વળી વળી યાદ કરવા મળે, એ તેનું અહોભાગ્ય, ધનભાગ્ય છે! એ પુણ્યવચનથી ભાનભૂલેલો જીવ સમજી શકે છે કે; મારી જીવન રમત અનીતિની છે કે નીતિની? અધર્મની છે કે ધર્મની? પોતાનું ડહાપણ પોતાને પછાડે છે કે ફુલાવે છે, એનું ભાન ધર્મવચનના સાંભળવા સિવાય ક્યાંથી થાય?

પ્રત્યેક માણસને માથે માતા, પિતા, પતિ, ગુરુ વગેરેનાં દેવાં હોય છે. એ ઋણને ચુકવવા એમને વફાદાર રહી એમની કીર્તિને ઉજાળવા મથવું જોઇએ. જો એમ ન કરવામાં આવે તો એઓ તો શ્રાપ દેતા નથી પણ બેવફા બનેલા એ માણસનાં અનુચિત વર્તન જ એને લાખો શ્રાપથી ઘેરી લે છે, અને એ શ્રાપો એને આ ભવમાં જ નહિ, પણ ભવોભવ ઝેરી શલ્યની જેમ સાલે છે. જેના નામ અને દામથી પોતાના કેટલાંક અથવા બધાંય સુખ-સાહ્યબી છે, જેણે અપાર વાત્સલ્યથી ઉછેર્યાં ને સ્નેહ-વિશ્વાસથી હળવા હૈયે પંપાળ્યાં એવા પૂજ્યોને અને જેણે ધર્મભાવનાથી નિસ્પૃહપણે આત્માર્થનો પરમપંથ દર્શાવ્યો એવા પરમપૂજ્યોને ઉપકૃત થયેલાંએ ઠારવા જોઇએ. અને એ ક્યારે બને કે જ્યારે એ ઉપકૃત માણસ પોતાના વડીલોના વાત્સલ્ય, સ્નેહ કે વિશ્વાસને દગો ન દે અને એકેએક પગલું સાચવીને મૂકી, નીતિના માર્ગમાં આગળ વધે.

કર્મવશ ક્યારેક ભૂલ થઈ જાય તો પણ એ ભૂલની તે વડીલોની આગળ અંતઃકરણ પૂર્વક માફી માગી, ફરીથી એ ભૂલ ન થાય તેવી સચોટ કબૂલાત આપી, તેને સાચા દીલથી સાચવે-પાળે. મોટામનનાં વડીલો ભલમનસાઈ, સચ્ચાઈ, પ્રામાણિકતા વગેરેને જરૂર માફી આપે છે. પણ જો ઉદ્ધતાઈ, દુરાગ્રહ, મકરકુંદી કે બદમાશી, હરામખોરી હોય અથવા તો કુચારિત્ર કે વિશ્વાસઘાતના ખેલો ખેલાતા હોય ને પાપોના માર્ગો પૂરેપૂરા ન અટક્યા હોય તો એ વડીલોની માફીય કામ લાગતી નથી. વડીલોની માફી મેળવતાં સુખ સમાધિ પ્રકટે, પણ એ માફીની પછી એકે અધઃગામિની ભૂલ ન થવી જોઈએ. પ્રભુ પાસે નિરન્તર પ્રાર્થના કરવી જોઈએ કે, ઓ! મહાન પ્રભો! મારા વડીલોની આબરુને હાનિ પહોંચે એવી ભૂલ તું મારા આત્મામાં ન પ્રવેશવા દેજે. પણ પ્રભુ પાસે આવી માગણી ત્યારે જ ઘટી શકે કે જ્યારે પોતે એ માગણી કરવાના અવસરે ભૂલ ન કરતો હોય, ચાલુ કાળમાં શુદ્ધ જીવન ગાળતો હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતમાં એ ધન્ય છે, કે જે પોતે સદા ઊજળું રહી સર્વને ને ખાસ કરી પોતાને પોષણ કરનારાંને સદા ઊજળાં બનાવે છે. તેથી વિશેષ ધન્ય તે છે, કે જે ભૂલેલા પંથથી પાછો ફરી, પ્રાયશ્ચિત્ત કરી, પુરતો પુરુષાર્થ આદરી, પોતાના કર્તવ્યથી ગ્લાનિ પામેલાં વડીલોને ફરીથી ઊજળાં ને હસતાં કરે છે; કેમકે તેનું કાર્ય વધારે વિકટ હોઇ તેનો પુરુષાર્થ વધારે સમર્થ હોય છે.

અનીતિને તજે, નીતિને ભજે, ધર્મને સાચવે ને પરમપુરુષાર્થ ભણી વધુ ને વધુ આગળ પગલાં માંડે એ માનવતાની મોંઘી કમાણી છે. બુદ્ધિનું ફલ સારાસારનો વિચાર કરવો ને સારને ગ્રહણ કરી અસારને છોડી દેવું એ જ હોઇ શકે. ભય ભરેલો સંસાર છે. શાંતિથી બેઠેલાને ક્યારે ક્યાંથી ને કેવી રીતે આપત્તિ આવી પડશે તે કહી શકાય નહિ. પુણ્યમાં લેભાગુ લાખો પોતાનાં થાય છે. પાપમાં પોતાનાં મનાતાં એકે પોતાનાં રહેતાં નથી. દુ:ખની વેળા કોણ કામ લાગશે, એ બેઉને પૂછવું જોઈએ, પુણ્ય કે પાપ? સુખ, સગવડ ને સ્વાર્થનો ભોગ આપી પોતાનું થનારું માનવી આ જગતમાં કોઈએ જોયું છે? પાપના ઉદયે પોતાના મનાયલા માણસને ફરતાં કે વિફરતાં વાર લાગતી નથી. પાપમાં પોતે છંડાય એ પહેલાં માણસે પુણ્યમાં જ સૌને છોડી દેવાં જોઈએ. એ રીતે માણસે ગૃહસ્થાશ્રમને સુંદર બનાવી પછી સબળ સંયમ ભાવનાથી જીવવું જોઈએ.

ઘણીવાર માણસો વ્યવહારશુદ્ધિ તરફ ધ્યાન આપતાં નથી, પણ ઊંચામાં ઊંચા ને હલકામાં હલકાં માણસોને પણ વ્યવહાર સાચવવા પડે છે. શાસનની શોભાની ખાતર, મુનિધર્મની મર્યાદાની ખાતર, વિશ્વકલ્યાણની વિશાળતાની ખાતર, મહાનુભાવ મહાત્મા મુનિવર્યોને પણ યથાયોગ્ય વ્યવહારશુદ્ધિને સાચવવી પડે છે. જન્મજાતિને લઈ પેટની ખાતર અનીતિનો બજારુ ધંધો કરનારીઓને પણ મામા, ભાઇ, શિક્ષક, અને જાતિ જેવું કોઈ વ્યવહારું તત્ત્વ હોય છે. એઓમાં પણ એમના વ્યવહારની બહાર જતાં બહિષ્કાર થાય છે અને જ્યારે તેઓ તેમના વર્ગને મીજબાની આપી અમુક શરત સ્વીકારે ત્યારે તેમને તેમના સમૂહમાં સામેલ ગણવામાં આવે છે. નાતરીયા નાતોમાં પણ વ્યવહારના બંધનોને, વળગી ચાલવામાં એમની પદ્ધતિએ વ્યવહારશુદ્ધિનું તત્ત્વ મનાયલું હોય છે. પરાધીન પોષણ કરનારાં અને રિવાજબદ્ધ થયેલાંને પણ કોઈના કોઈ રીતે વ્યવહારશુદ્ધિની અપેક્ષા હોય છે, તો પછી સ્વતંત્ર પોષણ કરનારાં અને મર્યાદાના વંશવેલામાં ઊતરી આવેલાંઓને એ વ્યવહારશુદ્ધિની સંપૂર્ણ અને સતત અપેક્ષા હોય તેમાં તો કહેવું જ શું?

મારાથી પણ નબળાં માણસ ક્યાં ઓછા છે? એવી સમજ ઘરઘાલી રહી હોય ત્યાં સુધી આપેલો કે અપાતો ઉપદેશ અવળો થઈ પડે છે. અજ્ઞાન ને મોહ ઓછો થાય ત્યારે તો તેની નજર લાખો સારાં માણસોની ગણત્રી કરવા તરફ જ દોડે છે. નીચાંના વર્તનની સરખામણી માણસને નીચાણ તરફ જ સહજ લઈ જાય છે, જ્યારે ઊંચાના વર્તનની સરખામણી તેને ઊંચાણમાં-સ્વર્ગમોક્ષમાં લઈ જવાનું કામ કરે છે.

શિક્ષા પામવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતાં કોઈ માણસ જો આડું જુવે, કાંઇ કામમાં કે વાતચીતમાં વ્યર્થ ગુંથાયા જેવું કરે અથવા તો દીવેલ પીધાની જેમ મોંને બગાડી મૂકે તો એ પાપનો આદર ને પુણ્યનો અનાદર છે. કોઈ સગું-સ્નેહી કે સજ્જન કાંઇ નીતિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિખામણ આપવા આવે ત્યારે પ્રભુના મંદિરે કે ધર્માચારના સ્થાને ઊપડી જાય અથવા તો સામાયિકાદિ ધાર્મિક કરણી કરવા કે પુસ્તકનાં પાનાં ફેરવવા લાગી જાય, એ શું ધર્મના માટે હોય ખરું ! દેખીતા પુણ્ય ઘણી વાર પાપ જ હોય છે. કસાઈ બકરાને ખવડાવી પુષ્ટ કરે એમાં નથી હોતી દયા કે નથી હોતી દાતારતા !

બૈરીના વારંવાર કહ્યા છતાં પણ, 'હું જાણું છું, હું જાણું છું,' એમ કહેનાર પતિને, જ્યારે બધું ધન ચોરો લઈ ગયા ત્યારે તો તે સંભળાવી દે છે કે, 'ફટ્ટ મુવા ! તું જાણું જાણું શું કરે છે ! તારા જાણવામાં ધૂળ પડી !' આવી રીતે જ છેલ્લામાં છેલ્લી હદની અનીતિમાં પહોંચી જનાર પણ જો જાણવાની વાત કરે તો, દુનિયા તેને ધિક્કાર દઈ તેના જાણવામાં ધૂળ પડી એમ બોલ્યા સિવાય રહે નહિ. સમજદાર સ્વતંત્ર હોય તો તે અનીતિના પંથે પગલું માંડે જ નહિ, કદાચ સંજોગવશાત્ રાભસયોગે પગલું મેલાઈ ગયું તો પણ તે નિર્મર્યાદ આગળ વધે નહિ; પણ જો કોઈ માનવી અનીતિના પંથે ચાલી આંખો મીંચીને આગળ ને આગળ યથેચ્છ વધ્યા જ કરે તો જાણવું કે તે સમજદાર હોય જ નહિ.

મોંમાં લસણની દુર્ગંધ હોય તો દેવસ્થાને જવું આશાતનાકારી છે. લસણની દુર્ગંધ કરતાંય વધારે ખરાબ એવી કંઈક દુર્ગંધો છે. એ દુર્ગંધોથી આશાતના થાય છે કે નહિ, એનો વિચાર મૂઢ માણસ ભાગ્યે જ કરતો હોય છે. વિવેક, વ્યવહારશુદ્ધિ, પવિત્રતા, વગેરે વગેરે સર્વ ધર્મના પાયારૂપ છે, એ જ ધર્મના વાવેતરની રસાળ ભૂમિ છે, ધર્મના મહેલે ચઢવાનું પહેલું પગથિયું પણ એ જ છે. અનીતિથી નબળું પડેલું માણસ વિવેકાદિનાં પ્રાથમિક પગથિયાં ચૂકી ધર્મની મહેલાતમાં મહાલવાની ખાતર કંઈ કંઈ ક્રિયાકરણની ફાળો ભરે તે ઉપરના માળે ન પહોંચાડે, પણ તે તેને નીચે પટકી જ નાખે અને એવાં તો તેના હાડકાં ભાગી નાખે કે ભવિષ્યમાં પગલું માંડવાની પણ તેનામાં તાકાત ન રહે. મારા જેવા તો ઘણાંય હશે-એવી માન્યતા માણસને આવા અધઃપતનમાં ખાસ મદદ કરે છે. આ પછી એના માટે એકેએક સમજ અને ઉપદેશવાક્ય દુર્બુદ્ધિના ઘરરૂપ થઈ પડે છે.

ખરાબ સમાગમમાં રહેવું, ખરાબ માણસોની વાતો સાંભળવી અને પોતાની જાતને ખરાબ લોકોની હરોળમાં મૂકી સરખાવવી એ મહાપાપના ઉદયે બને છે, છતાં તેમાં ય કોઈ સત્સમાગમ થાય તો માણસ પોતાની પૂર્વની સર્વ કુટેવોને છોડી સારા સમાગમમાં સતત રહેવા, સારા માણસોની વાતો સાંભળવા અને પોતાને સારાઓની હરોળમાં મૂકી સરખાવવાની ભાવનાવાળો થાય છે. માણસને પુણ્યમાંથી પાપમાં જવું કે પાપમાંથી પુણ્યમાં જવું, એ તેને પોતાને આધીન છે. કર્મના નામે કોઈ આંખ મીંચીને ચાલતું નથી. જરાક માંદુ પડે કે સૌ કોઈ માનવી મળતી દવા મેળવવા પ્રયત્નશીલ બની જાય છે. ભૂખ લાગે કે ખોરાક ખોળવાની ખટપટમાં કોણ નથી પડતા ? ભાગ્યે જ આ વેળા કોઈ વિધાતાનો વિચાર કરતો હોય છે. પાપના કામ કરવામાં કર્મના નામને સંડોવાય છે, પણ પાપથી હઠવામાં ને પુણ્ય કરવામાં એ કર્મને સંડોવવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર એ સમજુને ધર્મમિત્ર છે, પણ મૂરખને એ પાપમિત્ર છે. શરીરનાં તોફાનોને વશ થતાં માણસ આ ભવનું ને પરભવનું બધુંય હિત ગુમાવી બેસે છે. શરીરને મર્યાદામાં રાખતાં આવડે તો જ માણસ ચતુર ને વિચક્ષણ કહેવાય. જાતવાન હોય, કુળવાન હોય, લજ્જાળુ હોય, ધર્મજ્ઞ અને ધર્મનો અનુભવી હોય તથા વિવેકી અને વિચારવાન હોય એ તો આ કાયાને સબળ સંયમથી કબજામાં રાખી મળેલા માનવ જન્મારાને સુધારે છે, સફળ કરે છે અને અહીંથી સદાય સહાયકારી એવું મહાપુણ્યનું મોંઘું ભાથું સાથે બાંધી લઇ જાય છે.

મહેનત મજૂરી કરી પેટ ભરનાર નીતિમાન વખાણવા લાયક છે, પણ પાપોને જ પોષનાર અનીતિમાન, ભલેને તે કરોડાધિપતિ હોય છતાં વખાણવા લાયક હોતો નથી. કોઈને શક્તિ આશીર્વાદરૂપ હોય છે તો કોઈને તે શ્રાપરૂપ થઇ પડે છે.

ભગવાન મહાવીરસ્વામી જયંતી શ્રાવિકાને એવા જ વિચાર દર્શાવતાં કહે છે કેઃ—

અહીં ધર્મીઓ જાગૃત ભલા ને પાપીઓ ઉંઘતા ભલા;
અહીં ધર્મીઓ સબળા ભલા ને પાપીઓ નબળા ભલા;
અહીં ધર્મીઓ ડાહ્યા ભલા ને પાપીઓ મૂરખ ભલા;
અહીં ધર્મીઓ ધીંગા ભલા ને પાપીઓ હીણા ભલા;

ધર્મીઓ જાગતા, સબળા, ડાહ્યા અને સાધનસંપન્ન હોય તો તે સારા; કારણ કે તેઓ એ સ્થિતિમાં રહ્યા પુણ્યધર્મની વૃદ્ધિ કરશે. પણ અધર્મીઓ ઉંઘતા, નબળા, મૂરખ અને સાધનવિહીન હોય તો તે સારા; કારણ કે તેઓ એ સ્થિતિમાં રહ્યા ઓછાં પાપ કરશે. પુણ્ય જો પુણ્યને વધારવામાં નિમિત્ત થાય તો તે સારું છે પણ એ પાપને જ વધારવમાં નિમિત્ત બને તો નકામું ને નઠારું છે. પાપને પોષનારા પુણ્યના ઉદય કરતાં પુણ્યને પોષનારો પાપનો ઉદય ઘણીવાર આશીર્વાદ રૂપ બની જાય છે. દુખિયારાં ડાહ્યાં પ્રભુને સંભારે, સાચા દિલથી ને સદાય. દુઃખમાં પણ પ્રભુને યાદ ન કરે એ એક મોટી કમનસીબી છે. સુખમાં નીતિને સાચવી જે પ્રભુને ભજે છે તે ધન્યવાદને પાત્ર છે, પણ વળી દુઃખમાં નીતિને સાચવી જે પ્રભુને ભજે છે તે તો વિશેષ ધન્યવાદને પાત્ર છે. ગમે તે સ્થિતિમાં અનીતિના પંથે ચાલવું એ અસુંદરતા છે ને નીતિના પંથે ચાલવું એ સુંદરતા છે. જગતના સૌ પ્રાણીઓને માટે બન્ને પંથ ઉઘાડા છે. અસુંદર બનવું કે સુંદર બનવું પોતાના હાથમાં છે. છતાં મહાપુરુષો પોકારીને કહી ગયા છે—કહી રહ્યા છે કેઃ—

'સૌ મનુષ્ય જૂઠ, પ્રપંચ, દગો, વિશ્વાઘાત, ખૂન, ચોરી, વ્યભિચાર આદિ દુર્ગુણોને તજી દો અને સત્ય, સરલતા, વફાદારી, નિમકહલાલી, દયા, દાન, પવિત્રતા આદિ સદ્‌ગુણોને આદરો, સારુંય જગત સુખી, શાંત, પુણ્યવાન, ધર્મિષ્ટ ને મુક્ત બનો.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાત્રિભોજનનો નિષેધ

લેખક : પૂજ્ય મુનિમહારાજ શ્રી સુશીલવિજયજી

રાત્રિભોજન એ આરોગ્યની દૃષ્ટિએ, અહિંસાની દૃષ્ટિએ, વૈદકની દૃષ્ટિએ અને શાસ્ત્રની દૃષ્ટિએ—એમ અનેક દૃષ્ટિએ ઉચિત નથી. ધર્મશાસ્ત્રને બાજુપર મૂકીને આરોગ્યની દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ રાત્રિભોજન કરવું તે ઉચિત નથી લાગતું. આપણી સામે બે વ્યક્તિ ઊભી છે : એક રાત્રિભોજન કરે છે, બીજી કરતી નથી. આ બેમાં આપણે મધ્યસ્થ બુદ્ધિથી વિચાર કરીશું તો જરૂર ભિન્નતા લાગશે. જે રાત્રિભોજન કરે છે, તેણે રસનેન્દ્રિયને ચોવીસે કલાક છૂટી મૂકી દીધી છે. અને જે રાત્રિભોજન નથી કરતો, તેણે બાર કલાક રસનેન્દ્રિયને જીતી છે. પાંચે ઇંદ્રિયમાં પ્રબલમાં પ્રબલ રસનેન્દ્રિય છે. જુઓ—

એક એંશી વર્ષનો ડોસો જેની આંખનાં તેજ ઘટી ગયાં હોય, કાનમાં બેરાશ આવેલી હોય, નાકમાંથી લીંટ વહેતાં હોય, મોઢાની બત્રીસી ચાલી ગઈ હોય, શરીરપર કરચલી પડી ગઈ હોય, અંગ ધ્રુજતું હોય અને પેટમાં માલ ખપતો ન હોય, તેને આપણે પૂછીએ કે દાદા! બજારમાં નટલોકો આવ્યાં છે, તે જોવાને અમે જઈએ છીએ. આપને આવવું છે? ત્યારે દાદા જવાબ આપશે કે ભાઇ! હવે મારે આટલી ઉમ્મરે નટ જોઈને શું કરવું છે? એટલે ચક્ષુઇન્દ્રિયનો વિષય મંદ પડયો. ફરી કોઈ પૂછે, દાદા! અહીં નાટકશાળામાં સુંદર ગીત–ગાન થવાનું છે. આપને સાંભળવા આવવું હોય તો ચાલો. ત્યારે દાદા કહેશે કે ભાઈ! આ વૃદ્ધાવસ્થાએ હવે ગીત–ગાન સાંભળીને શું કરવું છે? એટલે કર્ણેન્દ્રિયનો વિષય મંદ પડયો. વળી કોઇ પૂછે, દાદા! આ સુગંધીદાર અત્તર આવ્યું છે. આપને સુંઘવાને માટે જોઈતું હોય તો થોડુંક ખરીદી લઈએ. ત્યારે દાદા કહેશે કે ભાઈ! હવે મારે ઘરડા ઘડપણે અત્તર સૂંઘીને શું કરવું છે? એટલે ઘ્રાણેન્દ્રિયનો વિષય મંદ પડયો. વળી કોઈ પૂછે દાદા! આ ઉચ્ચ કોટીનો સાબુ છે તેને શરીરે લગાવી, ન્હાઇને નિર્મલ થાઓ. ત્યારે દાદા જણાવશે કે—ભાઈ! હવે મારે એવા સાબુ લગાવીને શું કામ છે? એટલે સ્પર્શેન્દ્રિયનો વિષય પણ મંદ પડયો. પણ જો કોઈ જઈને પૂછે કે દાદા! આ મગની દાળનો ગરમાગરમ શીરો બનાવ્યો છે. આપને ખાવો હોય તો લાવું. ત્યારે દાદા કહેશે કે ભાઈ, લાવને થોડો. આ વસ્તુ સૂચવે છે કે વૃદ્ધાવસ્થામાં જ્યારે બીજી ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે ત્યારે પણ આ જીભલડી તો લપલપાયમાન કરતી સતેજ જ રહે છે. માટે રસના જેવી પ્રબલ ઇન્દ્રિયને જીતવી તે કંઈ સ્હેલ નથી. માટે રાત્રિભોજન નહીં કરનારે બાર કલાક સુધી તો રસનાને જીતી કહેવાય.

બીજું–રાત્રિભોજન નહીં કરનાર વ્રત–નિયમ ઇત્યાદિ કરી શકે છે, પણ તે કરનાર કંઈપણ કરી શકતો નથી. રાત્રિભોજન નહીં કરનાર મહિનામાં ૧૫ ઉપવાસનું ફળ પ્રાપ્ત કરી શકે છે ત્યારે નહીં કરનાર તેથી વંચિત રહે છે. રાત્રિભોજન નહીં કરનાર જેટલો રોગથી બચી શકે છે તેટલો કરનાર બચી શકતો નથી. એટલે કે રાત્રિભોજન નહીં કરનાર જઠરને જેટલી વિશ્રાંતિ આપી શકે છે તેટલી કરનાર આપી શકતો નથી. રાત્રિભોજન નહીં કરનારમાં જે ગુણો રહેલા છે તે કરનારમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અહિંસાની દૃષ્ટિ**–અહિંસા (દયા)ની દૃષ્ટિએ પણ રાત્રિભોજન કરવું તે ઉચિત નથી. દિવસના આપણે જેટલું નિરીક્ષણ કરી શકીએ છીએ તેટલું રાતના ગમે તેટલો દીવા-બત્તીનો પ્રકાશ હોય છતાં પણ કરી શકતાં નથી. દિવસે દુરબીનથી આપણે જોઈએ તો હવામાં અગણ્ય જીવો ઊડતા દેખાય છે. તે રાતના આપણે જોઈ શકતા નથી, એટલું જ નહીં પણ આપણે તેના ઘાતક થઈએ છીએ. રાત્રિભોજનમાં જો જીવોના કલેવરો આવી જાય તો તે અસ્વાસ્થ્યકર અને પ્રાણઘાતક થાય છે.

આ માટે યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં કહ્યું છે તે જુઓ—

" मेधां पिपीलिका हन्ति, यूका कुर्याज्जलोदरम् ॥
कुरुते मक्षिका वांति, कुष्टं रोगं च कोलिकः ॥५०॥
कंटको दारुखंडं च, वितनोति गलव्यथाम् ॥
व्यंजनांतर्निपतितस्तालु विध्यति वृश्चिकः ॥५१॥
विलग्नश्च गले वालः, स्वरभंगाय जायते ॥
इत्याद्यो दृष्टदोषाः, सर्वेषां निशि भोजने ॥५२॥

ભોજનમાં જો કીડી આવી જાય તો તે બુદ્ધિનો નાશ કરે છે, માખી વમન કરાવે છે, કરોળીઆથી કોઢનો રોગ થાય છે, કાંટો અગર લાકડાની કરચ ગળામાં દુઃખ ઉત્પન્ન કરાવે છે, શાકની અંદર જો વીંછી આવી જાય તો તાળવું વીંધી નાખે છે, અને જો ગળામાં વાળ રહી જાય તો સ્વરનો ભંગ થાય છે, આ સર્વ દોષો રાત્રિભોજનમાં દેખાય છે.

ઉપરોક્ત સર્વ દોષોમાંથી રાત્રિભોજન નહીં કરનાર બચી શકે છે, પણ કરનાર બચી શકતો નથી. માટે અહિંસાના ઉપાસકોએ તો અહિંસાની દૃષ્ટિએ રાત્રિભોજન વર્જવું જોઇએ.

**વૈદક દૃષ્ટિ**–વૈદક દૃષ્ટિએ પણ રાત્રિભોજન કરવું તે ઉચિત નથી. જગતમાં ત્રણ વસ્તુ ત્રણ તત્ત્વની પોષક છેઃ કફનો પોષક ચંદ્ર છે, પિત્તનો પોષક અર્ક (સૂર્ય) છે અને વાયુ ચારે તરફ ભરેલો છે. આપણા શરીરમાં પણ મુખ્યતાએ ત્રણ તત્ત્વ છેઃ પિત્ત, કફ અને વાયુ. વૈદકશાસ્ત્ર કહે છે કે જ્યારે પિત્ત નાડી ચાલતી હોય ત્યારે ભોજન કરવું જોઈએ. પિત્ત નાડી ક્યારે ચાલે છે કે તેને પોષક સૂર્યનાં કિરણ મળે ત્યારે. અર્થાત્ આપણા હૃદયકમળને અને નાભિકમળને સૂર્ય સાથે સંબંધ છે. જેમ સૂર્યવિકાસી કમળ સૂર્યના ઉદયે પ્રફુલ્લિત થાય છે તેમ આપણા જઠરને પણ જ્યારે સૂર્યનાં કિરણ મળે છે ત્યારે પિત્ત નાડી પોતાનું કામ કરતી હોવાથી અંદર નાંખેલું ભોજન સુખપૂર્વક પાચન થઈ શકે છે. પણ આકાશમાં જ્યારે ચારે તરફથી વાદળ ઘેરાયું હોય, સૂર્યનાં કિરણ પણ પૃથ્વી પટ ઉપર પડી શકતાં ન હોય, તે વખતે એની એ જ રસોઈ હોય છે, એના એ જ આપણે ખાનાર હોઈએ છીએ. છતાં આપણને જોઇએ તેટલી ભૂખ લાગતી નથી, જઠર જોઈએ તેટલું કામ કરી શકતું નથી. ત્યારે આપણે કહેવું પડે છે કે–જઠરને પ્રદીપ્ત કરનાર સૂર્યનાં કિરણો મળતાં નથી. અર્થાત્ દિવસના પણ જ્યારે સૂર્ય વાદળોથી ઢંકાઈ જાય છે ત્યારે ખાધેલાં ભોજન પચી શકતાં નથી, તો રાત્રે ખાધેલાં ભોજન કઇ રીતે પચી શકે? આવી સીધી અને સરલ વાત સૌ કોઈ સમજી શકે તેમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શાસ્ત્રદૃષ્ટિ**–દુનિયામાં કેટલાક સિદ્ધાંત એવા હોય છે કે એમાં કોઈનો પણ મતભેદ હોઈ શકતો નથી. જેમ બે ને બે ચાર–એને માટે તમે એશિયા, અમેરિકા, આફ્રિકા કે યુરોપ–કોઈ પણ સ્થળે જઈને પૂછો તો એકી અવાજે એક જ જવાબ મળશે તેમ જૈનશાસ્ત્ર હોય કે જૈનેતરશાસ્ત્ર હોય પણ કોઈ પણ રાત્રિભોજન કરવા કહેશે નહીં. જૈનશાસ્ત્ર તો પોકારી પોકારીને કહે છે કે ચતુર્વિધ સંઘ પૈકી કોઈ પણ વ્યક્તિએ રાત્રિભોજન કરવું નહીં. આટલાથી પણ નહીં અટકતાં સાધુ–સાધ્વીને તો ભાર દઈને કહેવામાં આવેલું છે કે તમારે તો રાત્રિભોજન જિંદગી પર્યન્ત સર્વથા ત્યાગ કરવાનું છે. અને ચઉભંગીથી બચવાનું છે—

(૧) રાતના લાવીને રાત્રે વાપરવું.
(૨) રાતના લાવીને દિવસે વાપરવું.
(૩) દિવસના લાવીને રાત્રે વાપરવું.
(૪) અને દિવસના લાવીને રાત્રે રાખી બીજે દીવસે વાપરવું.

ઉપરોક્ત ચઉભંગીનો જૈનશાસ્ત્રે સાધુ–સાધ્વી માટે સર્વથા નિષેધ કરેલો છે. એટલા જ માટે સાધુ–સાધ્વીને ઉપસ્થાપના એટલે વડી દીક્ષા (મોટી દીક્ષા) વખતે પાંચ મહાવ્રત ઉચ્ચરાવ્યા બાદ છઠ્ઠું રાત્રિભોજન નામનું વ્રત ઉચ્ચરાવવામાં આવે છે. આને મહાવ્રત નહીં કહેતા વ્રત જે કહેવામાં આવેલું છે, તે એટલા જ માટે કે ગૃહસ્થાવાસમાં રહેલ શ્રાવક–શ્રાવિકા પણ આ વ્રત ઉચ્ચરી શકે છે. અર્થાત્ આની જીવન પર્યંત પ્રતિજ્ઞા કરી શકે છે.

**સૂર્યોપાસક રાત્રિભોજન કઇ રીતે કરી શકે?**–જે લોકો સૂર્યને ઇષ્ટદેવ તરીકે સ્વીકારે છે, તે લોકો દિવસે પણ જો સૂર્યને રાહુએ ઘેરી લીધો હોય. અર્થાત્ સૂર્યગ્રહણ થયેલું હોય તે વખતે ઘરમાં રહેલ ગોળાનું પાણી પણ બહાર ફેંકી દે છે, તો પછી ખાવાની તો વાત જ ક્યાંથી? આમ કરવાનું કારણ શું? સૂર્યનો અસ્ત તો હજુ થયો નથી માત્ર રાહુએ ઘેરી લીધો તેમાં તો આ રીતે કરવું પડે છે. તો પછી તેઓને સૂર્યાસ્ત થઈ ગયા બાદ રાત્રે ભોજન કરવું તે કઇ રીતે કલ્પી શકે? અર્થાત્ સૂર્યોપાસકને રાત્રિભોજન કરવું બિલકુલ ઉચિત નથી.

**નક્તભોજી વ્રતનો ખરો અર્થ**–કેટલાએક જૈનેતર ભાઈઓ તરફથી કહેવામાં આવે છે કે અમારા શાસ્ત્રમાં તો 'નક્તભોજી વ્રત' કરવાનું કહ્યું છે, માટે અમે રાત્રિભોજન કરીએ છીએ. એ ભાઈઓએ જરા ઊંડા ઊતરીને નક્તભોજી વ્રતનું પ્રતિપાદન કરતા શ્લોકનો અર્થ સમજવાની જરૂર છે.

**"दिवस्याष्टमे भागे मंदीभूते दिवाकरे ॥
नक्तं तद्धि विजानीयान्न नक्तं निशि भोजनम् ॥५७॥**

દિવસોનો આઠમો ભાગ કે જે અવસરે સૂર્યનું તેજ મંદ થાય છે તે વખતે ભોજન કરવું તે નક્ત ભોજન (એટલે નક્તભોજી વ્રત) જાણવું, પણ રાત્રિભોજન જે કરવું તે નક્તભોજન ન કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આપણે જૈન–જૈનેતર બન્નેના શાસ્ત્રોક્ત પાઠોને જોઇએ.

देवैस्तु भुक्तं पूर्वाह्णे, मध्याह्ने ऋषिभिस्तथा ।
अपराह्णे तु पितृभिः, सायाह्ने दैत्यदानवैः ॥
संध्यायां यक्षरक्षोभिः, सदा भुक्तं कुलोद्वह ।
सर्ववेलां व्यतिक्रम्य, रात्रौ भुक्तमभोजनम् ॥

–યજુર્વેદ આહ્નિક, શ્લોક ૨૪–૧૯.

હે યુધિષ્ઠિર ! નિરંતર દેવોએ દિવસના પહેલા ભાગમાં ભોજન કરેલું છે, મધ્યાહ્ને ઋષિઓએ ભોજન કરેલું છે, ત્રીજા પહોરે પિતૃઓએ ભોજન કરેલું છે, સાંજે દૈત્ય તથા દાનવોએ ભોજન કરેલું છે, અને સંધ્યાવેળાએ યક્ષ તથા રાક્ષસોએ ભોજન કરેલું છે. આ સર્વ દેવાદિકની ભોજન વેળાઓ ઉલંઘીને જે રાત્રિભોજન કરવું તે અભોજન છે. અર્થાત્ તે દુષ્ટ (ખરાબ) ભોજન છે.

हृन्नाभिपद्मासंकोचश्चंडरोचिरपायतः ।
अतो नक्तं न भोक्तव्यं, सूक्ष्मजीवादनादपि ॥

–યજુર્વેદ, માધ્યન્દિની શાખા, શ્લો. ૧૨૯ મો.

સૂર્ય અસ્ત થયા પછી હૃદયકમળ અને નાભિકમળ સંકોચાઈ જાય છે, તેથી તથા સૂક્ષ્મ જીવોનું પણ ભક્ષણ થઈ જાય છે, માટે રાત્રિભોજન ન કરવું.

त्रयीतेजोमयो भानुरिति वेदविदो विदुः ।
तत्करैः पूतमखिलं शुभं कर्म समाचरेत् ॥
नैवाहुतिर्न च स्नानं न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ भोजनं तु विशेषतः ॥

–યોગશાસ્ત્ર, તૃ૦ પ્ર૦, શ્લોક ૫૫–૫૬

વેદના જાણકારો સૂર્યને ત્રણ તેજોમય (ઋગ્વેદ, યજુર્વેદ, અને સામવેદ એ ત્રણે વેદોનું તેજ સૂર્યમાં સંક્રમે છે માટે તેને ત્રિતેજોમય) કહે છે. તેનાં કિરણોએ કરી પવિત્ર થયેલાં સર્વે શુભ કાર્ય સમાચરવાં. રાત્રે આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવતાર્ચન અને દાન એ ન કરવાં, તથા ભોજન વિશેષ પ્રકારે ન કરવું.

अन्नं प्रेतपिशाचाद्यैः, संचरद्भिर्निरंकुशैः ।
उच्छिष्टं क्रियते यत्र, तत्र नाद्यादिनात्यये ॥

રાત્રિ વખતે નિરંકુશપણે વિચરતાં પ્રેત પિશાચાદિકો અન્નને એઠું કરે છે, માટે સૂર્યાસ્ત થયા પછી ભોજન ન કરવું.

घोरांधकाररुद्धाक्षैः, पतंतो तत्र जंतवः ।
नैव भोज्ये निरीक्ष्यंते, तत्र भुंजीत को निशि ॥

ઘોર અંધકારથી નેત્રની શક્તિ રૂંધાઈ જવાવાળાં મનુષ્યો જે ભોજનની અંદર પડતાં જંતુઓને જોઈ શકતાં નથી, તે રાત્રિ વિષે કોણ ભક્ષણ કરે.

अस्तंगते दिवानाथे, आपो रुधिरमुच्यते ।
अन्नं मांससमं प्रोक्तं मार्कण्डेन महर्षिणा ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવસોનો પતિ સૂર્ય જ્યારે અસ્ત થયો હોય ત્યારે પાણી રુધિર (લોહી) સમાન છે, અને અન્ન માંસ સમાન છે. એમ માર્કંડ નામના મહર્ષિએ (માર્કંડપુરાણમાં) કહેલું છે.

**चत्वारो नरकद्वाराः, प्रथमं रात्रिभोजनम् ।**
**परस्त्रीगमनं चैव, सन्धानानंतकायिके ॥**

નરકમાં જવાનાં ચાર દ્વાર છે. પહેલું રાત્રિભોજન, બીજું પર સ્ત્રી ગમન, ત્રીજું સન્ધાન કહેતાં અથાણું (ખાવું), અને ચોથું અનંતકાય (નું ભક્ષણ કરવું).

**मृते स्वजनमात्रेऽपि, सूतकं जायते किल ।**
**अस्तङ्गते दिवानाथे, भोजनं क्रियते कथम् ॥**

—માર્કણ્ડપુરાણ, અધ્યાય ૨૩, શ્લો. ૩૦

કોઈ પણ સ્વજન માત્ર મરી જાય છે ત્યારે સૂતક લાગે છે, તો પછી સૂર્ય (કે જે દિવસોનો સ્વામી છે તે) અસ્ત પામે મરણ પામે, ત્યારે શી રીતે ભોજન કરાય? અર્થાત્ ન જ કરાય,

**त्वया सर्वमिदं व्याप्तं, ध्येयोऽसि जगतां रवे ! ।**
**त्वयि चास्तमिते देव ! आपो रुधिरमुच्यते (न्ते) ॥**

—સ્કન્દપુરાણાન્તર્ગત રુદ્રપ્રણીત કપાલમોચન સ્તોત્ર, શ્લોક ૨૪

હે સૂર્ય ! આ સર્વ જગત તારાથી વ્યાપ્ત છે, તું ત્રણ ભુવનના પ્રાણીઓને ધ્યાન કરવા લાયક છે (માટે) હે દેવ ! તું જ્યારે અસ્ત પામે છે ત્યારે જળ પણ રુધિર સમાન કહેવાય છે, અર્થાત્ રાત્રે પાણી પણ પીવા લાયક નથી, તો પછી ભોજનની તો વાત જ શી ?

**नक्तं न भोजयेद्यस्तु, चातुर्मास्ये विशेषतः ।**
**सर्वकामानवाप्नोति, इह लोके परत्र च ॥**

—યોગવાસિષ્ઠ, પૂર્વાર્ધ, શ્લોક ૧૦૮

જે મનુષ્ય રાત્રે ભોજન કરતો ન હોય અને વિશેષ કરીને ચાતુર્માસમાં (રાત્રે) ભોજન કરતો ન હોય, તે આ ભવ તથા પરભવમાં સર્વ મનોરથને પ્રાપ્ત કરે છે.

**एकभक्ताशनान्नित्य-मग्निहोत्रफलं लभेत् ।**
**अनस्तभोजनो नित्यं, तीर्थयात्राफलं भजेत् ॥**

—સ્કન્દપુરાણ, સ્કંધ ૭, અધ્યાય ૧૧, શ્લોક ૨૩૫

જે માણસ હમેશાં એક વાર ભોજન કરે, તે અગ્નિહોત્રના ફળને પામે છે. અને જે હમેશાં સૂર્યાસ્ત પહેલાં ભોજન કરે છે–(અર્થાત્ રાત્રિભોજનનો ત્યાગ કરે છે, તે તીર્થયાત્રાનું ફળ પામે છે.

**ये रात्रौ सर्वदाऽऽहारं, वर्जयन्ति सुमेधसः ।**
**तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते ॥**

—મહાભારત, શાન્તિપર્વ, શ્લોક ૧૬

જે સારી બુદ્ધિવાળા માણસો સર્વદા રાત્રિએ આહારનો ત્યાગ કરે છે, તેમને એક મહિના (સુધી રાત્રિભોજનનો ત્યાગ કરવા) થી પંદર ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नोदकमपि पातव्यं, रात्रावत्र युधिष्ठिर ।
तपस्विनां विशेषेण, गृहिणां च विवेकिनाम् ॥

—માર્કણ્ડપુરાણ, અધ્યાય ૩૦, શ્લોક ૨૨

હે યુધિષ્ઠિર! વિશેષે કરીને તપસ્વીઓએ તથા વિવેકી ગૃહસ્થીઓએ રાત્રિના સમયે જળ પણ પીવું નહીં જોઈએ. (તો પછી ભોજનનું તો પૂછવું જ શું?)

पयोदपटलस्थेन, नाश्नन्ति रविमंडले ।
अस्तंगते तु भुंजाना, अहो भानोः सुसेवकाः ॥

—આત્મપુરાણ, અધ્યાય ૩૩, શ્લોક ૪૩

સૂર્યમંડલ જ્યારે વાદળાંઓની ઘટાથી આચ્છાદિત થઈ જાય છે ત્યારે, જે લોકો ભોજનનો ત્યાગ કરે છે તે જ લોકો (જ્યારે) રવિમંડલ અસ્ત થઈ જાય તોપણ ભોજન કરે ત્યારે તો એમની સૂર્યદેવની ભલી પૂજાને ધન્યવાદ જ ઘટે છે! (અર્થાત્ સૂર્ય વાદળાંથી ઢંકાઈ જાય ત્યારે ભોજનનો ત્યાગ કરીને સૂર્યપૂજાનો ડોળ કરનારા સૂર્ય અસ્ત પામે ત્યારે ભોજન કેમ કરી શકતા હશે!)

नापेक्ष्य सूक्ष्मजंतूनि, निश्यद्यात् प्राशुकान्यपि ।
अप्युद्यत्केवलज्ञानैर्नादृतं यन्निशाशनम् ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લોક ૫૩

રાત્રે સૂક્ષ્મ જંતુઓ જોઈ શકતાં નથી, માટે પ્રાશુક (મોદક પ્રમુખ) પણ ન ખાવાં, કેમકે પ્રગટ કેવળજ્ઞાનીઓએ પણ તેવું રાત્રિભોજન કરવું સ્વીકાર્યું નથી.

धर्मविन्नैव भुंजीत, कदाचन दिनात्यये ।
बाह्या अपि निशाभोज्यं, यदभोज्यं प्रचक्षते ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લોક ૫૪

ધર્મના જાણકાર મનુષ્યે દિવસ અસ્ત થયા પછી કોઈ વખત ખાવું નહીં. (જૈન દર્શન સિવાય) અન્ય દર્શનકારો પણ રાત્રિભોજનને અભોજન તરીકે કહે છે.

संसरज्जीवसंघातं, भुंजाना निशिभोजनम् ।
राक्षसेभ्यो विशिष्यंते, मूढात्मानः कथं नु ते ॥
वासरे च रजन्यां च, यः खादन्नेव तिष्ठति ।
शृंगपुच्छपरिभ्रष्टः, स्पष्टं स पशुरेव हि ॥
अह्नोमुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजन् ।
निशाभोजनदोषज्ञोऽश्नात्यसौ पुण्यभाजनम् ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ, ૩, શ્લોક ૬૧, ૬૨, ૬૩

જે ભોજનમાં અનેક જીવો એકઠા મળ્યા છે તેવા રાત્રિભોજનને ખાનારા મૂઢ જીવોને રાક્ષસોથી જુદા કેમ પાડી શકાય? અર્થાત્ રાક્ષસોથી તેમાં વિશેષતા કાંઈ નથી. (૬૧) દિવસે અને રાત્રે જે માણસ ખાતો જ રહે છે તે શિંગડાં પૂંછડા વગરનો પ્રગટ રીતે પશુ જ છે. (૬૨) જે રાત્રિ ભોજનના દોષનો જાણનારો દિવસની આદિની અને દિવસના અંતની બબ્બે ઘડી (૪૮ મિનીટ) છોડીને ભોજન કરે છે તે પુણ્યનું ભાજન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ये वासरं परित्यज्य, रजन्यामेव भुंजते ।
ते परित्यज्य माणिक्यं, काचमाददते जडाः ॥
वासरे सति ये श्रेयस्काम्यया निशि भुंजते ।
ते वपंत्युषरे क्षेत्रे शालीन् सत्यपि पल्वले ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લોક ૬૫–૬૬

જે મનુષ્યો દિવસને છોડીને રાત્રિમાં જ ભોજન કરે છે તે જડ મનુષ્યો માણેકનો ત્યાગ કરીને કાચ ગ્રહણ કરે છે. (૬૫) દિવસ વિદ્યમાન છે; છતાં જે કલ્યાણની ઇચ્છાએ રાત્રિભોજન કરે છે, તે મીઠા પાણીના ક્યારા ભરેલા છે છતાં પણ ખારી જમીનવાળા ક્ષેત્રમાં ડાંગર વાવે છે તેના સરખું કરે છે.

स्वपरसमये गर्ह्यं, आद्यं स्वभ्रस्य गोपुरम् ।
सर्वज्ञैरपि यत्यक्तं, पापात्म्यं रात्रिभोजनम् ॥

—ઉપદેશપ્રાસાદ ભાષાન્તર, સ્તંભ, ૮, વ્યા૦ ૧૧૭

પોતાનાં અને બીજાનાં શાસ્ત્રોમાં નિંદાયેલું, નરકના પ્રથમ દ્વાર સમાન, અને જેનો સર્વજ્ઞોએ પણ ત્યાગ કર્યો છે એ રાત્રિભોજન પાપરૂપ છે. (અર્થાત્ રાત્રિભોજન કરવાથી નરક ગતિમાં જન્મ લેવો પડે છે.)

चतुर्विधं त्रियामाया–मशनं स्यादभक्ष्यकम् ।
यावज्जीवं तत्प्रत्याख्यं, धर्मेच्छुभिरुपासकैः ॥

—ઉપદેશપ્રાસાદ, સ્તંભ ૮, વ્યા૦ ૧૧૬

રાત્રિના સમયે ચારે પ્રકારનો આહાર અભક્ષ્ય ગણવામાં આવ્યો છે, એટલા માટે ધર્મની ઇચ્છાવાળા ઉપાસકોએ એનું જીવનપર્યંત પચ્ચખ્ખાણ કરવું જોઈએ.

ततो वैकालिकं कार्यं, मिताहारमनुत्सुकम् ।
घटिकाद्वयशेषेऽह्नि, कालौचित्याशनेन च ॥

—વિવેક વિલાસ, ચતુર્થ ઉલ્લાસ, શ્લોક ૩

ત્યારપછી (દૈનિક વ્યાપાર સમ્બન્ધી કામકાજ કર્યા પછી) બે ઘડી દિવસ શેષ રહે ત્યારે ઉત્સુક્તા રહિતપણે, કાળને ઉચિત ભોજન વડે, પરિમિત આહારવાળું વાળું કરવું. (એટલે કે રાત્રિ પડ્યા પહેલાં જ વાળું કરવું.)

भानोः करैरसंस्पृष्ट–मुच्छिष्टं प्रेतसंचरात् ।
सूक्ष्मजीवाकुलं चापि, निशि भोज्यं न युज्यते ॥

—વિવેકવિલાસ, ચતુર્થ ઉલ્લાસ, શ્લોક ૪

સૂર્યનાં કિરણોથી સ્પર્શ નહીં કરાયેલું, ભૂત-પ્રેતના સંચારથી ઉચ્છિષ્ટ (એઠું) થયેલું અને સૂક્ષ્મ સંપાતિમ જીવોથી વ્યાપ્ત એવું રાત્રિભોજન કરવું ઉચિત નથી.

हिंस्यन्ते प्राणिनः सूक्ष्मा, यत्राशुच्यभिभक्ष्यते ।
तद्रात्रिभोजनं संतो, न कुर्वन्ति दयापराः ॥

—સુભાષિતરત્નસંદોહ, શ્લોક ૭૬૬.

જેમાં (અસંખ્ય) સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે, (અને તે જીવોની હિંસાના કારણે) જેમાં અપવિત્રતા આવે છે એવા પ્રકારનું રાત્રિભોજન દયાળુ એવા સજ્જનો કરતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સિવાય પણ શાસ્ત્રોમાં અનેક પુરાવા તથા દૃષ્ટાંતો મોજુદ છે, પણ સ્થળ સંકોચને અંગે અહીં આટલા જ આપ્યા છે. વિશેષ જિજ્ઞાસુએ અન્ય સ્થળેથી જોઈ લેવા.

**રાત્રિભોજન કરવાથી પ્રાપ્ત થતા અવતારો**—રાત્રિભોજન કરવાથી અનેક જાતના ક્ષુદ્ર અવતારો પ્રાપ્ત કરવા પડે છે. જુઓ—

**उलूककाकमार्जार-गृध्रशंबरशूकराः ।**
**अहिवृश्चिकगोधाश्च जायंते रात्रिभोजनात् ॥**

—મહાભારત, જ્ઞાનપર્વ, અધ્યાય ૭૦, શ્લોક ૨૦૩

રાત્રિભોજન કરવાથી ઘુવડના અવતારો, કાગડાના અવતારો, બિલાડીના અવતારો, ગીધના અવતારો, સાબરના અવતારો, ભૂંડના અવતારો, સર્પના અવતારો, વીંછીના અવતારો અને ઘો વગેરે અવતારો મળે છે.

**પ્રતિજ્ઞા સિવાય ફળ મળતું નથી**—દિવસના ભોજન કરવા છતાં રાત્રિભોજનનાં પચ્ચખાણ કરવામાં ન આવે તો રાત્રિભોજનના ત્યાગનું ફળ મળતું નથી. કહ્યું છે કે—

**अकृत्वा नियमं दोषाभोजनाद्दिनभोज्यपि ।**
**फलं भजेन्न निर्व्याजं न वृद्धिर्भाषितं विना ॥**

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લોક ૬૫

દિવસે ભોજન કરે છે છતાં પણ રાત્રિભોજન ત્યાગનો નિયમ ન કરેલો હોવાથી ફળ મળતું નથી. લોકમાં પણ એ ન્યાય છે કે વ્યાજબી બોલી કર્યા વિના મૂકેલી થાપણનું વ્યાજ મળતું નથી. (અર્થાત્ રાત્રિભોજન નહીં કરનારે અવશ્ય રાત્રિભોજનની પ્રતિજ્ઞા કરી લેવી જોઈએ અને કરનારે અનેક દોષોથી બચવા માટે અને રાત્રિભોજન ત્યાગનું ફળ પ્રાપ્ત કરવા માટે અવશ્ય નિયમ હોવો જોઈએ.)

**ઉપસંહાર**—આરોગ્યની દૃષ્ટિએ, અહિંસાની દૃષ્ટિએ, વૈદિકની દૃષ્ટિએ, અને શાસ્ત્રની દૃષ્ટિએ, રાત્રિભોજન કરવું તે લેશ માત્ર પણ ઉચિત નથી એમ ઉપરોક્ત કથન પરથી વાચકો સૌ સમજી શક્યાં હશે. રાત્રિભોજન કરનાર જૈન કે જૈનેતર ભાઈ આ લેખને મનન પૂર્વક વાંચી, હૃદયમાં ઉતારી, રાત્રિભોજનનો જિંદગી પર્યંત ત્યાગ કરવા પ્રતિજ્ઞા કરશે એમ ઈચ્છતો આ લેખને પૂર્ણ કરું છું.


## જોઈએ છે

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના સંપાદનનું અને કાર્યાલયના સંચાલનનું કામ સંભાળી શકે તેવા જૈન શ્વે. મૂ. વ્યવસ્થાપકની જરૂર છે. કામ કરવાની ઈચ્છાવાળાએ નીચેના ઠેકાણે અરજી કરવી.

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા. અમદાવાદ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ ટાઇટલના બીજા પાનાથી ચાલુ ]

સત્ય જ હોય છે. અપેક્ષાની બહાર સત્યને ખેંચી શકાય નહિ. અપેક્ષા વિના જો તે સત્યો વિચારવામાં આવે તો પક્ષ અને પ્રતિપક્ષનો મહાન ઝઘડો ઉપસ્થિત થાય છે. તેથી હરેક સત્યને તેની અપેક્ષા લાગુ કરી મધ્યસ્થ વૃત્તિ દાખવવી જોઈએ. જ્ઞાની પુરુષ મધ્યસ્થ અને સર્વનયાશ્રિત વિશ્વદૃષ્ટિવાળા મહાત્મા હોય છે.

કોઈ પણ વસ્તુ વિષે અનંત દૃષ્ટિ છે જ. તેમાંની એક એક દૃષ્ટિએ વસ્તુનું જે સત્ય કહેવામાં આવે તે તે દૃષ્ટિ–અપેક્ષા તે તે સત્ય સાથે ગાઢ સંબંધ રાખે છે. અપેક્ષા દૂર કરી માત્ર સત્યને પકડી શકાતું નથી. એવું સત્ય તે કાંઈ કામનું નથી. દરેક અપેક્ષાને સમજનાર જ્ઞાની પુરુષ વસ્તુ વિષેની તે અપેક્ષા અને સત્ય બન્ને વિચારી શકે છે, અને ત્યારે જ તે સત્ય પ્રમાણુ બને છે.

વસ્તુ વિષે એક જ દૃષ્ટિથી સત્ય ઉચ્ચારી વસ્તુ એમ જ છે અને બીજું કાંઈ નથી એમ જેઓ વિવેચન કરે છે, તેઓ વસ્તુસ્વભાવને સમજ્યા નથી; અન્ય અનંત દૃષ્ટિઓ તે જ વસ્તુ સંબંધમાં લાગુ પડે છે, એવો વસ્તુનો સ્વભાવ તેઓ નિહાળી શકતા નથી પોતે જોયેલ સત્યને જ સાચું ગણી પોતાની મિથ્યાભાનની વૃત્તિ પોષે છે અને તેના પરિણામે કલહકંકાસ અને વિગ્રહ થાય છે. પરંતુ જે આત્માઓ વસ્તુના ઉપર કહેલા સ્વભાવ નિયમને જાણે છે તેઓ તો હરેક સત્ય સાથે તે તે સત્યની અપેક્ષાને સમજે છે, સમજવા પ્રયત્ન કરે છે અને હરેક સત્યો અને તેની અપેક્ષાઓ સમજી તેને કબૂલ રાખે છે. તેઓ મધ્યસ્થ વૃત્તિ દાખવી સઘળા પર અનુગ્રહ કરે છે. તેઓના જ્ઞાનનું સફળપણું છે.

જેને તત્ત્વ જાણવું છે તેણે વસ્તુના અનંતધર્માત્મક સ્વભાવના નિયમને જાણવો રહ્યો. હરેક દૃષ્ટિએ વસ્તુ વિષેનું સત્ય વિચારી અપેક્ષાઓ લાગુ કરવામાં આવે છે અને ત્યારે તે સત્ય સ્પષ્ટ દેખાય છે, એમ દરેક સત્ય વિષે તે અપેક્ષાઓ સમજવાથી તે સ્વરૂપ સમજી શકાય છે. એટલે તત્ત્વજ્ઞાન–ખરું જ્ઞાન થાય છે. આમ અપેક્ષાઓ અને તેનાં સત્ય સમજવાથી તત્ત્વબોધ અને પરિણામે કલ્યાણનિષ્પત્તિ થાય છે. પરંતુ 'મારું તે સાચું' અને એટલું જ સાચું એમ વાદ કરવાથી તો બીજાના સત્યની અપેક્ષા ન સમજવાથી તે સત્યનું દર્શન થતું નથી એટલે તત્ત્વજ્ઞાન મળતું નથી અને હાનિ જ થાય છે.

જેઓ વસ્તુના સ્વભાવને, અનંત દૃષ્ટિને અને અનંત સત્યને અંતરાત્મા વડે સમજ્યા છે તેઓએ જગતના કલ્યાણનો ખરો માર્ગ બતાવ્યો છે, તેઓ જ જગતને સાચો માર્ગ આપી શકે છે, કારણ કે હરેક સત્યને તેઓ ઉચ્ચારે છે, તેની સાથે તેની અપેક્ષા બતાવવામાં આવે છે અને એમ વસ્તુ વિષેનું તેઓ ખરું તત્ત્વ વિશ્વને રજુ કરે છે.

અમુક માણસો નિશ્ચય માર્ગ જ છે તેમ કહી વ્યવહારનું ઉત્થાપન કરે છે, બીજા વળી વ્યવહાર માર્ગ જ છે એમ કહી નિશ્ચયનું ઉત્થાપન કરે છે; કોઈ જ્ઞાન છે ક્રિયાની જરૂર નથી તેમ કહે છે; તેથી વિરુદ્ધ કોઈ ક્રિયા છે અને જ્ઞાનની જરૂર નથી તેમ કહે છે; આમ કહેનારા બધા ભીંત ભૂલે છે અને શુદ્ધ માર્ગ પર આવી શકતા નથી. હરેક માર્ગ તેને લગતી અપેક્ષાઓ સમજી સત્ય છે તેમ શ્રદ્ધા રાખવી ઘટે છે, તેનું જ્ઞાન મેળવવું ઘટે છે. તેવી સત્યાસત્યની પરીક્ષા કરવી તે જ વાજબી છે. પક્ષપાત તજી સઘળાં સત્યોને તેમની અપેક્ષાએ સમજી પરીક્ષા કરવી તેમાં જ પરમ તત્ત્વ અને પરમાનન્દપણું મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

**(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક**

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

**(૨) દીપોત્સવી અંક**

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

**(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક**

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

**[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.**

**[૨] ક્રમાંક ૪૫-ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.**

## કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"×૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

— લખો —

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
**જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.**


મુદ્રકઃ-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશકઃ-ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.

For Private And Personal Use Only